Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

Year: 6, Issue:169 Dt.29-04-2021 (Thursday) સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# રાજકોટ સિવિલના કોરોના વોર્ડમાં દુષ્કર્મ?

## ભોગ બનેલા પરિવારનું નિવેદન લેવાયા બાદ વિધિવત પોલીસ ફરીયાદ ન થઈ : ફરજ પરના તબીબો કહે છે આવું કશું બન્યું નથી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૯

રાજકોટ સિવિલ હોસ્પિટલના કોવીડ વિભાગમાં ચોથા માળે દાખલ વૃધ્ધા પર રાત્રીના સમયે શારીરિક અડપલા કરી દુષ્કર્મ આચર્યા અંગેની જાણ ટેલીફોન મારફતે પરિવારને થતા હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો.

બનાવ અંગેની જાણ થતા પ્ર.નગર પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ.એલ.ચાવડાની ટીમ દોડી જઈ સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધાટ શરૂ કરી દીધો છે.

પ્રાપ્ત વિગતો મુજબ લક્ષ્મીનગર વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય પ્રૌઢને ઘરે શ્વાસ લેવામાં તકલીફ પડતા પરિવારજનો દ્વારા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલના કોવીડ વિભાગમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૧૦ કલાકના વેઈટીંગ બાદ વૃધ્ધાને કોવીડ બિલ્ડીંગના ચોથા માળે બી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. વૃધ્ધાના પરિવાર જનોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, જ્યાં રાત્રીના સમયે બે એટેન્ડ કર્મચારીએ આવી, વૃધ્ધા તમારું માથું દુઃખે છે, હું દાબી આપું કહીને એક કર્મચારીએ માથું દબાવવાનો ડોળ કરી કપડું ઢાંકી દીધું હતું. બાદમાં બીજા સાગરીતે વૃધ્ધા સાથે અડપલા કર્યા બાદ દુષ્કર્મ ગુજાર્યું હતું. બાદમાં હેબતાઈ ગયેલા વૃધ્ધાએ રાત્રીના ૨ વાગ્યે પરિવાજનોને કોલ કરી બે એટેન્ડ કર્મચારીએ દુષ્કર્મ આચર્યા અંગેની જાણ કરતા પરિવારજનો સત્બધ થઇ ગયા હતા. તાકીદે રાત્રીના સમયે ૩ વાગ્યે સિક્યુરીટી ગાર્ડ સાથે હોબાળો કરી બે પરિવારનાં સભ્યો વૃધ્ધાની પૂછપરછ કરવા માટે દોડી ગયા હતા. મહિલા સહિત બે લોકોએ વૃધ્ધાની આપવિતી જાણી ફરજ પરના ડોક્ટર અને મેડીકલ સ્ટાફને મળવા માટે દોડી ગયા હતા અને વોર્ડના સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવા માંગ કરી હતી. પ્ર.નગર પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ.એલ.ચાવડા, એ.એસ.આઈ. સંજય દવે સહિત મહિલા પોલીસનો સ્ટાફ દોડી જઇ સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી.

કોવીડ બિલ્ડીંગમાં દાખલ વૃધ્ધાના કપડાઓને ચેન્જ કરાવી ફોરેન્સિક અર્થે લેબમાં મોકલ્યા હતા અને પરિવારજનો સાથે સીસીટીવી ફૂટેજમાં ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી. જે અરસામાં વૃધ્ધાનો કોવીડ રીપોર્ટ નેગેટીવ આવી જતા ગાયનેક વિભાગમાં શરૂ કરાયેલા કોવીડ વોર્ડમાં શિફ્ટ કરાયા હતા.

તબીબોનું કહેવું છે કે, ૬૫ વર્ષના વૃધ્ધાનું માનસીક સ્થિતિ ખરાબ છે દુષ્કર્મની કોઇ ઘટના બની નથી. પરિવારજનો આક્ષેપો કરી રહયા છે.

# અમદાવાદમાં નકલી ઈન્જેકશનનું કૌભાંડ, ૮ની ધરપકડ કરતી ક્રાઈમ બ્રાંચ

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૨૯

અમદાવાદમાં નકલી રેમડેસિવિર ઇન્જેકશન ધાબડી દેવાનું મોટું કૌભાંડ ઝડપી લેવામાં અમદાવાદ પોલીસની ક્રાઇમ બ્રાંચને સફળતા મળી છે. અમદાવાદથી વડોદરા સુધી નકલી ઇન્જેકશનનું નેટવર્ક ફેલાઇ ગયું હતું પોલીસે અમદાવાદથી ૮ શખ્સોની ધરપકડ કરી લીધી હતી. ૩૦૦થી વધુ નકલી ઇન્જેકશનનોજથ્થો પણ પોલીસે કબ્જો કર્યો હતો. અમદાવાદના ચાંદખેડા, સાબરમતીથી છેક વડોદરા સુધી આ કૌભાંડની જાળ પથરાયેલી હતી તેમ પોલીસે જણાવ્યું હતું.

બીજા એક કૌભાંડમાં બાયોટેક કંપનીમાંથી રેમડેસિવિર ઇન્જેકશન ચોરીને ઉંચી કિંમતે વેંચવાનું કૌભાંડ પોલીસે પકડી પાડયું છે. બાયોટેકમાં કામ કરતા એક કર્મચારીની ધરપકડ કરવામાં આવી અને ૨૪ ઇન્જેકશન કબજે લેવામાં આવ્યા હતા.

# રાજકોટમાં ફરી મૃત્યુઆંક વધતા ચિંતા : ૬૬નાં મોત

## મહાનગરમાં રેમડેસિવિર બાદ હવે ફેબીફલુ દવાની પણ અછત, ગુજરાતમાં સતત ચોથા દિવસે ૧૪ હજારથી વધુ નવા કેસ, ૧૭૪નાં મોત

## અમદાવાદ જીએમડીસી હોસ્પિટલના દર્દીઓના પ્રવેશ માટે ટોકન પ્રથાથી દેકારો, સુરતમાં ઓક્સિજનની તંગી યથાવત, હજીરા પ્લાન્ટના ટેન્કર સીલ કરાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૯

ઓક્સિજનની તંગી, બેડ માટે દેકારો, રેમડેસિવિર ઇન્જેકશનની એક તરફ અછત અને બીજી તરફ કાળા બજાર તથા ફેબીફલુ દવાની પણ અછતના મોકાણ ભર્યા અહેવાલો વચ્ચે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં કોરોનાની કાળમુખી સવારી અટકવાનું નામ લઇ રહી નથી. રાજકોટમાં આજે ફરી મૃત્યુઆંક વધુ જતા ચિંતાનું મોજુ પ્રસરી વળ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટ કોવિડ હોસ્પિટલમાં ૬૬ દર્દીઓ મૃત્યુને ભેટયા હતા. જયારે રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૪ દર્દીઓના મોત થયાનું નોંધાયું હતું.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વધુ એક પ્રોફેસરનું કોરોનાથી મૃત્યુ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૪૨૧થી વધુ કેસો નોંધાયા હતા. સુરત અને અમદાવાદ ઉપરાંત રાજકોટ અને જામનગરમાં કોરોનાની બેકાબુ ગતિ ચાલુ રહી હતી. સુરતમાં ગંભીર દર્દીઓની સંખ્યામાં રોજે રોજ વધારો થઇ રહયો છે. રાજકોટમાં જો કે દર્દીઓનો ધસારો ગઇકાલ રાતથી ઓછો થયો હોવાથી સિવિલ હોસ્પિટલ બહાર હવે એમ્બ્યુલન્સોની કતાર જોવા મળી નથી મેદાન ચોખ્ખુ થઇ ગયું છે.

સુરતમાં સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં ઓક્સિજનની તંગીના પોકારો આજે પણ ચાલુ રહયા હતા. કોરોના દર્દીઓ માટે સુરતને દૈનિક ૨૧૦ મેટ્રીક ટન મેડિકલ ઓકિસજનની જરૂર છે તેની સામે અત્યારે ૧૫૦ મેટ્રીક ટન મળી રહયું છે. પરીણામે સુરત સિવિલમાં નવા કોરોના દર્દીઓને દાખલ કરવાનું બંધ કરવામાં આવ્યું છે. હજીરા પ્લાન્ટમાંથી ઓકિસજનનો પુરવઠો સમયસર પહોંચી રહયો ન

(અનુ.પાના નં.૪ ઉપર)

# કોરોના ફાટીને ધુમાડે : ૩,૭૯,૦૦૦ નવા કેસ, ૩૬૪૫નાં મોત

## મૃત્યુઆંક ૨ લાખની સપાટી પર પહોંચી ગયો, દર્દીઓની સારવારમાં સમસ્યાઓ

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૨૯

ભારતમાં કોરોનાની મહામારીના નવા નવા કેસો રોજે રોજ એક નવી વિક્રમી સપાટી સુધી પહોંચી રહયા છે. પહેલીવાર દેશનો મૃત્યુ આંક ૨ લાખની સપાટીને પાર કરી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩,૭૯,૨૫૭ નવા કોરોના કેસો નોંધાયા હતા અને વધુ ૩૬૪૫ દર્દીઓ કોરોના સામેનો જંગ હારી મૃત્યુને ભેટયા હતા. કુલ મૃત્યુ આંક ૨ લાખ ૪ હજાર થઇ ગયો છે. દેશમાં કુલ સંક્રમીતોની સંખ્યા વધીને એક કરોડ ૮૩ લાખ થઇ ગઇ છે. છેલ્લા એક સપ્તાહથી દરરોજ ૩ લાખથી વધુ કેસો નોંધાઇ રહયા છે. જેના કારણે દેશમાં અનેક રાજયોમાં કોવિડ બેડ, મેડિકલ ઓક્સિજન અને એનટીવાઇરલ દવાઓની ભારે ખેંચ ઉભી થવા પામી છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતની સાડા છ કરોડની જનતાનો સવાલ

# સરકારે આવું કેમ કર્યું??

## સુરતનો જથ્થો કઇ રીતે, કોના કહેવાથી અન્યત્ર ફંટાયો? તપાસ જરૂરી





જનતાનો આક્રોશઃ ઓક્સિજન વિના દર્દીઓ તરફડીયા મારી રહ્યા છે જયારે ઓક્સિજન એરર્ફોસ પ્લેનમાં ભોપાલ મોકલાવી દીધુઃ સુરતમાં ઓક્સિજનની હજુ તંગી યથાવત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૯

સુરત, રાજકોટ, અમદાવાદ જેવા કોરોનાથી હચમચી ઉઠેલા મહાનગરોમાં સેંકડો દર્દીઓ ઓક્સિજનની અછતના વાંકે શ્વાસ લેવા માટે કરૂણ રીતે તરફડીયા મારી રહયા છે. તેવા અતિશ્ય દર્દનાક સંજોગોમાં સુરતથી ઓક્સિજનનો જંગી પુરવઠો એરર્ફોસના ખાસ વિમાનમાં ભોપાલ મોકલી દેવાયો હોવાનો ધડાકો થતા ભારે ખળભાટ મચી ગયો છે અને રાજય સરકાર પર ચારે તરફથી માછલા ધોવાઇ રહયા છે. સુરતમાં દર્દીઓ પ્રાણવાયુના વાંકે પ્રાણ ગુમાવી રહયા હોય ત્યારે સુરત અને ગુજરાતની જરૂરીયાત પુરી કરવાને બદલે સુરતનો ઓક્સિજનનો જથ્થો કોના આદેશથી કોણે વાયુ સેનાના વિમાનમાં ભોપાલ રવાના કરી દીધો એ સવાલનો સરકારે ગુજરાતની પ્રજાને જવાબ આપવો પડશે. સાડા છ કરોડ ગુજરાતીઓ અત્યારે એક જ સવાલ પુછી રહયા છે કે, સરકારે આવું શું કામ કર્યું?

અગ્રણી ગુજરાતી ભાષી અખબાર દિવ્ય ભાસ્કરના મથાળા પર છપાયેલા ખાસ અહેવાલથી રાજયભરમાં ભારે હોબાળો મચી ગયો છે. આ અખબારના વિશીષ્ઠ અહેવાલમાં એવો ધડાકો કરવામાં આવ્યો છે કે, સુરત માટેનો ઓકિસજનનો જથ્થો મધ્યપ્રદેશ મોકલીને સરકારે શ્વાસનો પણ સોદો કરી નાખ્યો છે. સરકારની આ ગંભીર બેદરકારીને કારણે અને વીચીત્ર નિર્ણયને લીધે આજે સુરત ઓક્સિજન માટે તરફડીયા મારી રહયું છે. ઓક્સિજનની તંગી યથાવત રહી છે. ૬૦ ટનની જરૂરીયાત સામે માત્ર ૪૬ ટનમેડિકલ ઓક્સિજન મલ્યું છે. પરીણામે સિવિલમાં દર્દીઓને દાખલ કરવાનું બંધ કરવું પડયું છે. જયારે સ્મીમેર હોસ્પિટલમાં પણ નવા દર્દીઓ લેવાનું બંધ કરી દેવાયું છે. સિવિલના પણદરવાજા બંધ કરી બાઉનસર ગોઠવી દેવાયા છે. ગુજરાતભરમાંથી ખુણે-ખુણેથી રોષ ભેર એવા સવાલો ઉઠી રહયા છે કે, શું આ સરકાર દર્દીઓને મરતા છોડી દેવા માંગે છે? આ અંગે સુરતના નેતા અને રાજય કક્ષાના આરોગ્ય મંત્રી કુમાર કાનાણી તથા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ કશુ બોલવા તૈયાર નથી અને મોઢા સીવી લીધા છે. આ અહેવાલને પગલે સમગ્ર રાજયમાં લોકો હચમચી ઉઠયા છે અને સરકાર પાસે જવાબ માંગી રહયા છે. દર્દીઓના શ્વાસનો સોદો કરીને આ સંવેદનશીલ કહેવાતી સરકારે ગુજરાતના હજારો દર્દીઓના જાન જોખમમાં મુકી દીધા છે એવું લોકોમાં ઉગ્રતાથી ચર્ચાઇ રહયું છે.

# દિલ્હીમાં આગ લાગી છે, ભાજપ નેતાઓ કયાં છે?

## આરએસએસના વરીષ્ઠ પ્રદેશ કારોબારી સભ્યનો તીખો સવાલ

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૨૯

નવી દિલ્હીમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે ત્યારે લોકોની મદદે આવવાને બદલે દિલ્હી પ્રદેશ ભાજપના નેતાઓ અલોપ થઇ ગયા હોવાથી ખુદ આરએસએસના એક વરીષ્ઠ સભ્ય દ્વારા દિલ્હીભાજપનો કાન આમળવામાં આવ્યો છે. સંઘની દિલ્હી પ્રદેશ કારોબારીના સભ્ય રાજીવ તુલીએ એવો સવાલ કર્યો છે કે, દિલ્હીમાં ચારેય તરફ આગ લાગી છે ત્યારે કોઇ દિલ્હી વાળાએ ભાજપના નેતાને જોયા? ભાજપ દિલ્હીમાં કયાં છે? તુલીએ આગળ જણાવ્યું હતું કે, અત્યારે કોરોના મહામારી દિલ્હીમાં વિનાશ વેરી રહી છે ત્યારે પ્રજા વચ્ચે ભાજપ કયાંય નજરે ચડયો નથી.

તુલીના ટ્વીટ અંગે મંતવ્ય માંગવામાં આવતા દિલ્હી ભાજપના પ્રમુખ આદેશ ગુપ્તાએ એવી આર્શ્ચય જનક ટકોર કરી હતી કે, હું તુલીને જાણતો જ નથી અને એમના ટ્વીટની ખબર જ નથી. દિલ્હી ભાજપના મહામંત્રી હર્ષ મનહોતરાએ નો કોમેન્ટ કહીને જવાબ આપ્યો ન હતો.

# રાજકોટમાં રેમડેસિવિર ઈન્જેકશન ખલાસ

# ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રા રદ્

# ૧૭ દેશોમાંથી સહાયનો ધોધ શરૂ

## ચીન પાસેથી પણ ખરીદી કરવા કેન્દ્ર સરકાર તૈયાર, અમેરીકા-બ્રિટનથી સહાય રવાના, અમેરીકાથી ૧૦ કરોડ ડોલરનો મેડિકલ સરંજામ આવે છે, રશિયાથી ૨૨ ટન મેડિકલ સહાય

## યુરોપના સ્વીત્ઝરલેન્ડ જેવા દેશોમાંથી પણ ઓક્સિજન-દવા, મેડિકલ સાધનો રવાના



**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૨૯

કોરોનાની મહામારીને કારણે ૧૬ વર્ષના લાંબા ગાળા બાદ ભારતે વિદેશી સહાયની નીતિમાં બદલાવ લાવવો પડયો છે જેના કારણે અમેરીકાઅને બ્રિટન સહિતના ૧૭ જેટલા દેશોમાંથી ભારતમાં સહાયનો ધોધ શરૂ થઇ ગયો છે. ચિન પાસેથી પણ જીવન રક્ષક દવાઓ અને મેડિકલ સાધનો ખરીદવા માટે પહેલીવાર ભારત સરકાર તૈયાર થઇ ગઇ છે. જોકે પાકિસ્તાને કરેલી મદદની ઓફર અંગે હજુ કોઇ નિર્ણય લેવાયો નથી. એ સિવાય વિદેશમાંથી અવનારી સહાય માટે ભારતે દરવાજા ખોલી નાખ્યા છે.

અમેરીકાએ ૧૦ કરોડ ડોલરની જંગી મેડિકલ સહાય ભારતને રવાના કરવાનો તખ્કો ગોઠવી લીધો છે. ઓક્સિજન અને તમામ મહત્વના મેડિકલ ઉપકરણો સહિતનો જંગી પુરવઠો ટુંક સમયમાં અમેરીકાથી રવાના થઇ જશે એમ બાઇડેન

(અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com


# શ્રધ્ધાજંલિ / બેસણું

| જાહેર ખબર પ્રકાર | આવૃતિ | સાઈઝ | ભાવ |
|---|---|---|---|
| બેસણું/શ્રધ્ધાજંલિ | રાજકોટ | 5x2 | 200 5% GST |

જાહેરાત માટે સંપર્ક કરો: 90333 44426

125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001


સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com


# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી ક્લાસિફાઇડ

સાંધ્ય દૈનિક

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો: 90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે **94097 57062** પર ફોન કરો અથવા મેસેજ કરો.

# રાજકોટવાસીઓ કોરોનાની ચેન તોડવા મક્કમ

શહેરના અનેક રાજમાર્ગો પર વાહનોની સંખ્યામાં ઘટાડો

## કામ વગર ઘરની બહાર નિકળવાનું ટાળતા રાજકોટીયન્સ



(તસવીરઃ દિલીપ ગોહેલ, પંકજ ડાભી)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ : વૈશ્વિક મહામારી અંતર્ગત કોરોના વાયરસના વધી રહેલા સંક્રમણને અટકાવવા માટે આંશીક લોકડાઉન અંગેનું જાહેરનામું બહાર પાડ્યું છે. લોકોને કામ વિના બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે. આવશ્યક ચિજવસ્તુઓ સિવાયના તમામ દુકાનો બંધ કરી દેવામાં આવી છે. જેના લીધે લોકો હવે કામ વિના બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે. શહેરના તમામ રાજમાર્ગો સુના થઈ ગયા છે.કોરોનાનું સંક્રમણ અટકાવવા રાજકોટ શહેરમાં આવશ્યક સેવા સિવાયના તમામ વેપાર–ધંધા–મુખ્ય બજારો બંધ રાખવાનો આદેશ થયો હોઈ ગઈકાલથી જ આ નિયમનું કડક પાલન કરાવવામાં આવી રહ્યું છે. આંશિક લોકડાઉનમાં દૂકાનો–મોલ એમ બધુ બંધ છે પરંતુ લોકોની અવર–જવર પર ઘટાડો થયો છે. સાંજે આઠથી સવારના છ સુધી કર્ફ્યુમાં અત્યંત જરૂરી કામ સિવાય લોકો પણ બહાર નીકળી શકતાં નથી. શહેરના રૈયા રોડ, યુનિવર્સિટી રોડ અને કાલાવડ રોડ પર હમેંશા વાહનોનો ધમધમાટ રહેતો હોય છે. લોકોથી સતત ઉભરાતા રહેતા આ રસ્તાઓ બપોરે સાડા બાર વાગ્યે આ રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતાં. ગણ્યાગાંઠ્યા વાહનો જ જોવા મળતાં હતાં. આ જ રીતે શહેરભરના તમામ મુખ્ય માર્ગો અને મુખ્ય બજારોમાં સન્નાટો રહ્યો હતો. આવશ્યક સેવા હેઠળ આવતી દૂકાનો સિવાયની તમામ દૂકાનો પણ બંધ રહી હતી.

# સિવિલ હોસ્પિટલ ખાતે છેલ્લા દસ દિવસમાં ઓપીડી કેસમાં ઘટાડો

## છેલ્લા દસ દિવસમાં ઓપીડી કેસમાં ૨૮ ટકાનો ઘટાડો : ગત તા. ૧૮ એપ્રિલ ના ૭૧૧ કેસ સામે તા. ૨૭ એપ્રિલના ઘટીને ૫૧૨

રાજકોટ તા.૨૯

રાજકોટ માટે કોરોનાને લઈને રાહતના સમાચાર આવ્યા છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ની બહાર ચૌધરી હાઇસ્કૂલના મેદાનમાં છેલ્લા એક અઠવાડિયાથી વાહનોની લાંબી કતારો જોવા મળતી હતી .આજે સવારે રાજકોટમાં સંક્રમણ ઘટવા તરફ જઇ રહ્યું હોય તેવા સંકેત સાથે દર્દીની સારવાર માટે રાહ જોતા વેઇટિંગ પરના વાહનોની કતારો જોવા મળી નહોતી

જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓએ સમગ્ર તંત્ર એ જિલ્લામાં કોરોનાના સંક્રમણને કાબૂમાં લેવા છેલ્લા એક અઠવાડિયાથી દિવસ-રાત લેવાયેલા પગલાં અને લોકજાગૃતિ ની અસરની સમીક્ષા કરી હતી. રાજકોટ જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓએ રાજકોટ શહેરના નાગરિકોને હજુ વધુ સાવધ રહેવા અને કોરોનાનુ સંક્રમણ ઘટવા તરફ સંકેત આપી રહ્યુ છે ત્યારે આગામી દિવસોમાં આ જ રીતે કામ સિવાય ઘરની બહાર નહીં નીકળવા અને અતિ આવશ્યક નીકળવાનુ થાય હોય તો ડબલ માસ્ક પહેરવા, વારંવાર હાથ સ્વચ્છ કરવા અને સોશિયલ ડીસ્ટન્સ રાખવા અપીલ કરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકોને કોરોના સામે સાવધ રહેવા દવાઈ ભી કડાઈ ભી ના આપેલા સૂત્રને સાર્થક કરવા અપીલ પણ કરવામાં આવી છે.

રાજકોટ શહેરમાં એક અઠવાડિયા પહેલા જે સ્થિતિ હતી તે સ્થિતિ હળવી થઇ રહી છે તેની આંકડાકીય વિગતો પણ મળી રહી છે.

રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે છેલ્લા દસ દિવસમાં તબક્કાવાર ઓપીડી કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ગત તા. ૧૮ એપ્રિલ ના ૭૧૧ કેસ નોંધાયા હતા જે તા. ૨૭ એપ્રિલના ઘટીને ૫૧૨ થયા હતાં. જે લગભગ ૨૮ ટકાનો જેટલો ઘટાડો ૧૦ દિવસ દરમ્યાન નોંધાયો છે. આ દિવસો દરમ્યાન ગંભીર દર્દીઓની ટકાવારીમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ઓકસીઝન માસ્ક સાથે આવતા દર્દીઓમાં ૪૧ ટકા જેટલો ઘટાડો તેમજ એન.આર.બી.એમ. દર્દીઓમાં ૧૧ ટકા ઘટાડો જોવા મળ્યો છે.

રાજકોટ શહેર અને જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં કોરોના ના વધેલા દર્દીઓને સારવાર આપી શકાય તે માટે યુદ્ધના ધોરણે કામગીરી થઇ છે અને તબીબો તેમજ વહીવટી તંત્રના અધિકારીઓ અને ખાનગી તબીબીસંસ્થાઓ તેમજ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી સાથે મળીને કામ થતાં હાલ હવે હકારાત્મક પરિણામોની શરૂઆત થઈ છે. આ જ રીતે આગળ જતાં પણ લોકોની જાગૃતિ સાથે અને તંત્ર અને સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોથી સારા પરિણામો મળશે તેવી આશા ને બળ મળી રહ્યું છે.

# શહેરભરમાં પોલીસનું પેટ્રોલીંગ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ : વૈશ્વિક મહામારી અંતર્ગત કોરોના વાયરસના વધી રહેલા સંક્રમણને અટકાવવા માટે ગુજરાત સરકારની માર્ગદર્શિકા અનુસંધાને શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે તા. ૨૮ થી તા. ૫/૫ સુધી આંશીક લોકડાઉન અંગેનું જાહેરનામુ બહાર પાડ્યું છે. જેમાં વાણિજ્યક સંસ્થાઓ, રેસ્ટોરન્ટ, લારી-ગલ્લાઓ, શોપીંગ કોમ્પલેક્ષ, અઠવાડીક ગુજરી બજાર, શૈક્ષણીક સંસ્થા કોચીંગ સેન્ટરો, સિનેમા, એસેમ્બલી હોલ, ઓડીટોરીયમ, વોટર પાર્ક, બાગ -બગીચા, મનોરંજક સ્થળો, સલૂન, સ્પા, બ્યુટી પાર્લર, જીમ, સ્વિમીંગ પુલ બંધ રાખવા જણાવાયું છે.પીઆઇ પીએસઆઇ સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું. અને રાત્રે ૮ વાગ્યા પછી બહાર નીકળનાર સામે પોલીસે લાલ આંખ કરી છે. અને લોકો નીયમોનું વધુમાં વધુ પાલન કરે તે અપીલ પણ કરાઇ છે.

# ચૌધરી હાઇસ્કૂલના મેદાનમાં ફરી એમ્બ્યુલન્સની લાઇન




## એક દર્દીને દાખલ થવામાં ત્રણ-ત્રણ કલાકનું વેઈટિંગ!

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૯

રાજકોટમાં કોરોનાની બીજી ઘાતક લહેરમાં રોજ સિવિલ હોસ્પિટલમાં દાખલ થવા માટે ચૌધરી હાઇસ્કૂલના મેદાનમાં ૨૦થી વધુ એમ્બ્યુલન્સની લાઇન લાગી જાય છે. પરંતુ આજે સવારે આ લાઇન જોવા મળી ન હતી. આ લાઇન ન જોવાનું કારણ જાણતા સુત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે, સિવિલમાં કામચલાઉ એઇમ્સ હોસ્પિટલના ગ્રાઉન્ડમાં ડોમ ઉભો કરવામાં આવ્યો છે. જેમાં એમ્બ્યુલન્સમાં આવતા દર્દીઓને રાખવામાં આવે છે અને વારા પ્રમાણે દર્દીને દાખલ કરવામાં આવે છે. પરંતુ કલાકોમાં જ ડોમ ફૂલ થઇ જતા ફરી એમ્બ્યુલન્સની લાંબી લાઇન લાગી છે. બીજી તરફ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કોરોના દર્દીઓની સારવાર માટે મુંબઇથી એક્સપર્ટ ડોક્ટરો આવ્યા છે. સિવિલ હોસ્પિટલમાં ઉભો કરવામાં આવેલો ડોમ તૈયાર થઇ જતા એમ્બ્યુલન્સમાં આવતા દર્દીઓને હવે તડકામાં એમ્બ્યુલન્સમાં રહેવું ન પડે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલ આ ડોમમાં દર્દીઓને રાખવામાં આવે છે, અહીંથી જેમ જેમ વારો આવતો જાય તેમ તેમ દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યાં છે.

એક દર્દીને દાખલ થવામાં ત્રણ-ત્રણ કલાકનું વેઇટિંગ છે. ચૌધરી હાઇસ્કૂલના ગ્રાઉન્ડમાં સવારે એમ્બ્યુલન્સની લાઇન જોવા ન મળતા લોકોમાં અનેક પ્રકારની ચર્ચા ઉઠી હતી. લોકોમાં ચર્ચા ઉઠી હતી કે શું રાજકોટમાં કેસની સંખ્યા કે શું કે આજે લાઇન જોવા મળી નહીં, રાજકોટમાં સારા સમાચાર છે કે પછી લોકો થાક્યા હોવાથી પોતાની રીતે વ્યવસ્થા કરી રહ્યાં છે. આવી ચર્ચાએ પણ જોર પકડ્યું હતું. પરંતુ કલાકોની અંદર જ ફરી એમ્બ્યુલન્સની લાઇન જોવા મળી રહી છે. રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કોવિડ કેર સેન્ટરમાં આજથી ૫૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ડાયરેક્ટર એડમિશન નહીં થાય. સિવિલ હોસ્પિટલ થ્રુ એડમિશન થશે. પાંચ દિવસથી ઓક્સિજન ન હોવાથી તૈયાર હોસ્પિટલ શરૂ થઇ શકી ન હતી. આજે ઓક્સિજનનો જથ્થો પણ આવી ગયો છે. જિલ્લા વહીવટી તંત્ર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા અહીં ૨૦૦ બેડ તૈયાર કરવામાં આવ્યા છે. સિવિલનો ટ્રાફિક સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ ડાઇવર્ટ થયો હોવાની ચર્ચા છે.

## તંત્રી સ્થાનેથી...

### શું એક વખત ફરી નેશનલ લોકડાઉન થવું જોઇએ....?

દેશમાં જે રીતે કોરોનાના કેસની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે અને હોસ્પિટલો પર દબાણ પણ વધવા લાગ્યું છે. આ બધાની વચ્ચે ફરી એક ચર્ચાનો વિષય બન્યો છે કે શું એક વખત ફરી નેશનલ લોકડાઉન થવું જોઇએ. કારણ કે કેટલાંય રાજ્ય પોતાને ત્યાં સંપૂર્ણ કે મિની લોકડાઉન પહેલાં જ લગાવી ચૂકયા છે પરંતુ કોરોનાની સ્થિતિમાં સુધારો દેખાઇ રહ્યો નથી. એવામાં સંપૂર્ણ લોકડાઉનને લઇ એક્સપર્ટસનું શું કહેવું છે એક વખત જાણીએ.

બેંગલુરૂના પ્રોફેસર ગિરિધર બાબુનું કહેવું છે કે તેમને લાગે છે કે નેશનલ લોકડાઉન કોઇ વિકલ્પ નથી કારણ કે આપણે આ વાયરસના ફેલાવાની રીત જાણતા નથી. આપણે સમજવું પડશે કે એપીસેન્ટર્સ શું છે. જેમ કે કર્ણાટરમાં બેંગલુરૂ છે, એવામાં આખા રાજ્ય પર લોકડાઉન લગાવું યોગ્ય રહેશે નહીં.

પ્રોફેસર ગિરિધરે કહ્યું કે આપણે કંટેનમેન્ટ ઝોનમાં સફળ થયા નથી. લોકડાઉન શહેર કે જિલ્લા સ્તર પર બરાબર છે. આપણે નંબર ઘટાડવા પર જોર આપવું જોઇએ જેથી કરીને હોસ્પિટલો પર બોજ ઓછો થાય. લોકડાઉનથી માત્ર સ્પીડ ઓછી થશે પંરતુ કંટેનમેન્ટ મદદ કરશે. કર્ણાટક સરકારના કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય ડૉ.વિશાલ રાવનું કહેવું છે કે લોકડાઉન તમને તૈયારીનો સમય આપે છે પરંતુ લોકડાઉન માટે પણ તૈયારી જરૂરી છે. અત્યારે ઓક્સિજન ડિમાન્ડ ડબલ થઇ ગઇ છે. જે કર્ણાટકમાં લોકડાઉનનો એક મોટો સંકેત છે. લોકડાઉન દરમ્યાન વેક્સીનેશનની સ્પીડ ધીમી પડી શકે છે એવામાં રણનીતિમાં ફેરફારની જરૂર છે. નવી દિલ્હીના ડૉ.શાહિદ જમીલનું માનવું છે કે નેશનલ લોકડાઉન લગાવાથી કોઇ ઉકેલ આવશે નહીં. જ્યાં કોરોનાનો કહેર વધુ છે ત્યાં પ્રતિબંધની જરૂર છે. અમે જોયું કે લોકડાઉનથી પાછલી વખતે શું થયું હતું. એવામાં લોકોની રોજીરોટીનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. લોકડાઉનની સીધી અસર મજૂરી કરીને રોજ કમાનાર અને રોજ ખાનાર લોકોને અસર પડે છે.

મુંબઇમાં કેયર રેટિંગ્સના ચીફ ઇકોનોમિસ્ટ મદન સબનવીસનું કહેવું છે કે જ્યારે પાછળી વખત નેશનલ લોકડાઉન હતું ત્યારે ખૂબ ઓછા કેસ હતા. લોકડાઉન કરવાની પણ એક પદ્ધતિ હોય છે પરંતુ સરકારની પાસે લોકોને રાહત આપવાનો બીજો ઉપાય નથી. આપણે આશા વ્યકત કરવી જોઇએ કે લોકલ લોકાઉન કોરોનાની ચેનને તોડે. ઉલ્લેખનીય છે કે કોરોનાની સ્પીડ બેકાબૂ થવાથી કેટલાંય રાજ્યોએ પોતાના સ્તર પર પ્રતિબંધો મૂકી દીધા છે. દિલ્હી, મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાને ૧૫-૧૫ દિવસના પ્રતિબંધ મૂકી દીધા. યુપી-એમપીમાં વીકેન્ડ લોકડાઉન અને નાઇટ કર્યુ લગાવ્યું છે. એવામાં નેશનલ લોકડાઉનની પણ અટકળો કરાય રહી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૮-૦૪-૨૦૨૧, બુધવાર, ચૈત્ર વદ-૨, સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : તુલા(ર.ત.) , નક્ષત્રઃ વિશાખા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

### રાજકોટમાં ઝાપટાં, ધારીના ખીચા ગામે વીજળી પડતાં યુવાનનું મોત

રાજકોટઃ ગઇકાલે બપોર બાદ હવામાન બદલાતા વાદળ પણ છવાઇ ગયા હતા અને હળવા ઝાપટાં પડતા લોકોને ગરમીથી આંશિક રાહત પણ મળી હતી. બપોરના ૨ વાગ્યે પણ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચ્યું હતું અને ગરમ લૂ પણ લોકોને લાગી હતી. આગામી ૨૪ કલાક વાતાવરણમાં કોઈ મોટો બદલાવ નહીં આવે અને મહત્તમ તાપમાનમાં પણ કોઈ મોટો ફેર નહીં થાયધારીના ખીચા ગામે રહેતો કનક કરશન ડાભી પર વાડી વિસ્તારમાં વીજળી પડતાં તેનું મોત થયું છે.

### વાચકોએ નોંધ લેવી

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

## રાજકોટ મનપા વર્ગ-૪ કર્મચારી માટે આરોગ્ય સમિતિ રચના કરવા માંગ

### કર્મચારીને સમયસર બેડ, ઓક્સિજન બાટલા, રેમડેસિવિર ઈન્જેક્શન મળી રહે તેવી વ્યવસ્થા કરી આપવા કર્મચારી એકતા મંડળની રજૂઆત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

કોરોના મહામારીની પરિસ્થિતિમાં આર.એમ.સી કર્મચારી સ્ટાફ માટે આરોગ્ય સમિતિની રચના કરી. કર્મચારીઓની પડતી મુશ્કેલી દુર કરવા બાબતે સંગઠન મંત્રી વાલજી પરમાર, મંત્રી મુકેશ.એ.વાઘેલા, ખજાનચી કૈશિક સોલંકીએ મ્યુનિસિપલ કમિશનર ઉદીત અગ્રવાલને આવેદન પત્ર પાઠવ્યું છે.

રાજકોટ મનપા વર્ગ-૪ કર્મચારી માટે આરોગ્ય સમિતિ રચના કરવા માંગ કર્મચારીને સમયસર બેડ, ઓક્સિજન બાટલા, રેમડેસીવીર ઇન્જેક્શન મળી રહે તેવી વ્યવ્ષા કરી આપવા કર્મચારી એકતા મંડળની રજૂઆત કોરોના મહામારીની પરિસ્થિતિમાં આર.એમ.સી કર્મચારી સ્ટાફ માટે આરોગ્ય સમિતિની રચના કરી. કર્મચારીઓની પડતી મુશ્કેલી દુર કરવા બાબતે સંગઠન મંત્રી વાલજી પરમાર, મંત્રી મુકેશ.એ.વાઘેલા, ખજાનચી કૈશિક સોલંકીએ મ્યુનિસિપલ કમિશનર ઉદીત અગ્રવાલને આવેદન પત્ર પાઠવ્યું છે.

કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લેતા રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે અલગ સમિતિ બનાવી તેમને તથા તેમના પરિવાર સગા સ્નેહિઓને વહેલી તકે તાત્કાલિક અને સમયસર સારવાર મળી રહે તે હેતુસર એક સમિતિનું ગઠન કરી કર્મચારીઓને પડતી મુશ્કેલીઓ દુર કરવી જોઈએ.

રાજકોટ મહાનગરપાલિકાનાં દરેક વર્ગના કર્મચારીઓ કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં જાહેર જનતા વચ્ચે કોઈ સુરક્ષા વગર કાર્ય કરતા હોય છે. આ કર્મચારીઓને કોઈ પણ જાતની સુવિધા આપવામાં આવતી નથી. માસ્ક, હેન્ડ ગ્લોવઝ, સેનેટાઈઝર પણ પોતાના સ્વ-ખર્ચે સલામતી ખાતર લેતા હોય છે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં તે પોતાના ઘર પરીવારની ચિંતા કર્યા વગર જાહેર જનતાનાં હિતાર્થે કામ કરતા હોય છે અને કોરોના પોઝીટીવ લોકોની વચ્ચે આ કામગીરી દરમિયાન કર્મચારી સંક્રમિત પણ થાય છે. જો આવા મુશ્કેલ સમયમાં કર્મચારીને સમયસર ઈલાજ ન મળેતો પોતાનું જીવન પણ ગુમાવવાનો વારો પણ આવે છે. આ સમયગાળા દરમિયાન કર્મચારીને સમયસર બેડ, ઓકિસજન, દવા, ઈંજેકશન મળી રહે તો ફરીથી જાહેર જનતા લોક સેવાને હિતાર્થે કામગીરીમાં જોડાય શકે. આ માટે રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે અલગ સમિતિ બનાવી તેમને તથા તેમના પરિવાર સગા સ્નેહિઓને વહેલી તકે તાત્કાલિક અને સમયસર સારવાર મળી રહે અને કોઈ પણ પરિવાર ને તેમના વડીલો, મોભીઓ તેમજ જીવન નિર્વાહનો આશરો ગુમાવવાનો વારો ન આવે તે હેતુસર આરોગ્ય સમિતિની રચના કરવા જણાવ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોન ઓફીસમાં આવેલ કંમ્પાઉન્ડ માં અથવા પાર્કિંગ એરીયામાં કર્મચારીઓ માટે અલગથી કોવિડ ટેસ્ટીંગ બુથ શરૂ કરવા અને અમુક જીલ્લા અને શહેરોમાં કર્મચારીઓ માટે એક અલગથી સમિતિની રચના કરેલ છે. જેની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખેલ છે. તેમજ ઉપરોકત કોરોનાની મહામારીની કામગીરીમાં ફરજ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાના જે કર્મચારીઓનું ફરજ દરમિયાન અવસાન થયેલ હોય તેઓને સરકાર તરફથી જાહેર કરવામાં આવેલ ૨૫- લાખ રૂપિયાની આર્થિક સહાય અથવા તો કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી આપવા માંગ કરી છે.

## રાજકોટમા ડોકટર બાદ જ્યુબેલી શાકમાર્કેટમાં પોલીસને શાકભાજીવાળાએ માર માર્યો




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૨૯

રાજકોટમાં આવેલા જ્યુબેલી શાકમાર્કેટ પાસેથી શાકભાજી વાળાઓને પોલીસે હાંકી કાઢ્યા હતા. ત્યારે જ માર્કેટમાં એક શાકભાજીની લારીવાળા અને પોલીસ કર્મી વચ્ચે થઈ ઝપાઝપીના દશ્યો સર્જાયા હતા. શાકભાજીની લારીવાળાએ પોલીસ પર હુમલો કરી દીધો હતો અને આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો હતો. કોરોના સંક્રમણ વધવાના કારણે રાજકોટ શહેરમાં આંશિક લોકડાઉન લગાવવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ શહેરના જ્યુબેલી શાકમાર્કેટ પાસે પાથરણાં વાળાઓને હાંકી કાઢવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. બુધવારની સાંજે જ્યુબેલી શાકમાર્કેટ પાસે સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવામાં ન આવતા એ ડિવિઝન પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

## રાજકોટ જિલ્લા બેંકનો ૧૨૯ કરોડ નફોઃ ખેડૂતો માટે રોકડ શાખ યોજના



### ખેડૂત સભાસદો માટે વિઠ્ઠલભાઈ રાદડિયા મેડીકલ સહાય યોજના : મધ્યમ મુદત ખેતી ધીરાણમાં નિયમિત ખેડૂતોને ૧ ટકા વ્યાજ સહાયઃ આત્મનિર્ભર યોજના હેઠળ અરજદારોને ૧૦૦ કરોડની લોન આપવામાં આવીઃ બેંકના ચેરમેન જયેશ રાદડીયાની સુપર કામગીરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૨૯


જિલ્લા સહકારી બેંક દ્વારા ચેરમેન અને રાજયના કેબીનેટ મંત્રી જયેશ રાદડિયાના નેતૃત્વમાં ગત નાણાંકીય વર્ષમાં રૂ. ૧૨૯ કરોડનો (અનઓડીટેડ) નફો કરવામાં આવ્યો છે. સરકારની આત્મનિર્ભર યોજના હેઠળ અરજદારોને ૧૦૦ કરોડની લોન આપવામાં આવી છે. ૧૦૨ કરોડની શેર મુડી છે. ૬૬૫૯ કરોડની થાપણા છે. ૪૧૮૧ કરોડ ધીરાણ અપાયું છે. થાપણદારોની સંખ્યા વધીને ૮.૦૬ લાખ થયેલ છે. વસુલાત ક્ષેત્રે છેલ્લા ૨૭ વર્ષથી બેંક ગુજરાતમાં પ્રથમ સ્થાને છે. બોર્ડ નવા નાણાકીય વર્ષ માટે ખેડૂતલક્ષી રોકડ શાખ સહિતની યોજનાઓ જાહેર કર્યાનું બેંકના જનરલ મેનેજર વી. એમ. સખિયા જણાવે છે. ખેડૂતો માટે રૂ. ૨.૦૦ લાખની નવી રોકડ શાખ યોજના, ખેત ઓજાર જાળવણી હેઠળની લોનની મર્યાદા રૂ. ૨.૦૦ લાખમાં વધારો કરી રૂ. ૩.૦૦ લાખ., મ. મુ. ખેતી ધીરાણમાં રેગ્યુલર ખેડૂતોને ૧ ટકા વ્યાજ સહાય., ખે. વી. મંડળીઓના કર્મચારીઓને રૂ. ૧.૦૦ લાખની રો. શા. લોન., કે. સી. સી. ધિરાણમાં મંડળીઓને ૧ ટકા માર્જીનમાં વધારો કરી ૧.૨૫ ટકા માર્જીન. મંડળીના ખેડૂત સભાસદોને વિઠલભાઇ રાદડીયા મેડીકલ સહાય યોજના હેઠળ રૂ. ૧૨,૦૦૦ ની મેડીકલ સહાય. આ બેંક તરફથી ખેડૂતોને ૦, વ્યાજના દરે રૂ. ૨૫૨૩ કરોડ જેટલુ કે. સી. સી. ધિરાણ કરેલ છે. મંડળી સાથે જોડાયેલ ખેડૂત સભાસદોના બેંક તરફથી રૂ. ૧૦ લાખનો અકસ્માત વીમો લેવામાં આવે છે અને તેનું તમામ પ્રીમીયમ બેંકે ભરેલ છે. આ બેંકની તમામ ૧૯૯ શાખાઓ સીબીએસ નેટવર્કથી જોડાયેલ છે. જેથી દરેક શાખમાં ઇન્ટર બ્રાંચ નાણાકીય વ્યવહાર કરી શકે છે, બેંક મારફત રૂપે ડેબીટ કાર્ડ, રૂપે કિશાન કાર્ડ, મોબાઇલ બેંકીંગ, એટીએમ, માઇક્રો એટીએમ, આરટીજીએસ, એનઇએફટી, એસએમએસ એલર્ટ સુવિધા, આધાર લીંકેજ ખાતાઓની સુવિધા શરૂ કરેલ છે. તેમજ આ બેંકની મુખ્ય કચેરીનાં આધુનિક બીલ્ડીંગમાં ૨૪ કલાક ૩૬૫ દિવસ લોકર ઓપરેટીંગની સુવિધા તથા દાગીના ધિરાણની સુવિધા આપવામાં આવે છે.

## પ્રાણાયામથી શરીરમાં પ્રાણવાયુને સંતુલિત રાખી શકાય છે

# ફેફસામાં સંક્રમણથી શરીરમાં ઓક્સિજન લેવલ ઓછુ થઇ શકે છે

### પ્રાણાયામ વિશે માર્ગદર્શન માટે લીફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરનો સંપર્ક કરવો






રાજકોટ.તા.૨૯

કોરોનાના પ્રભાવથી કોઈ અજાણ નથી. કોરોના એક ગંભીર મહામારીના સ્વરૂપમાં લોકોને પ્રભાવિત કરી રહ્યા છે. કોરોનાનો સીધો અસર ફેફસા ઉપર થાય છે અને શ્વાસ લેવા અથવા છોડવામાં તકલીફ અનુભવાય છે. એના કારણે શરીરમાં ઓક્સીજન લેવલ ઓછું થવા લાગે છે અને પરિસ્થતિ અત્યંત ખરાબ બની જાય છે. શ્વાસ એજ જીવન. પ્રાણવાયુ એક માત્ર સાધન છે જેના કારણે માનવને જીવનનો અસ્તિત્વ છે. પ્રાણવાયુનો પ્રવાહને સંતુલિત રાખવું એ અત્યંત જરૂરી છે. પ્રાણાયામ આ એક સરળ અને સહજ પ્રક્રિયા છે જેના માધ્યમથી શરીરમાં પ્રાણવાયુને સંતુલિત રાખી શકાય છે. યોગમાં પ્રાણાયામને મહત્વ આપવામાં આવ્યું છે. જો નિયમિત રીતે પ્રાણાયામના અભ્યાસ કરવામાં આવે તો અનેકો લાભ મળી શકે છે. રેચક, પુરક અને કુંભક સાથે અનુલોમ-વિલોમનો અભ્યાસ ૫થી ૧૦ મિનીટ સુધી કરી શકાય છે. ધ્યાન રાખવા યોગ્ય બાબતઃ હૃદય રોગ, બ્લડ પ્રેશર, અસ્થમા અથવા અન્ય કોઈ ગમ્ભીર બીમારી હોય તો પ્રાણાયામ કરતી બખતે શ્વાસ રોકવું હિતાવહ નથી. અનુલોમ-વિલોમ માટે સવારે અથવા સાંજનો સમય ઉપયુક્ત છે. હવાદાર સ્થળ પર પ્રાણાયામનો અભ્યાસ કરવું જોઈએ જેથી શુદ્ધ પ્રાણવાયુ મળી શકે છે. અનુલોમ-વિલોમ પ્રાણાયામથી સ્ફૂર્તિ વધે છે. થાક ઓછો થાય છે. શરીરમાં પ્રાણઊર્જાનો સંચાર થાય છે. ફેફસાને ફાયદો થાય છે. અનુલોમ-વિલોમ અભ્યાસથી ફેફસા મજબૂત બને છે. શ્વાસની તકલીફમાં રાહત આપે છે. શરીરમાં ઓક્સીજનનો સ્તર વધારે છે. સ્વસ્થ રહો, પ્રસન્ન રહો અને પ્રાણાયામ કરતા રહો. ભય મુક્ત બની સ્વાસ્થ્ય પ્રત્યે જાગરૂક રહીને કોરોના જેવી મહામારીથી બચી શકાય છે. પ્રાણાયામ વિશે માર્ગદર્શન માટે લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ નલાઈફથ, રેસકોર્સ રીંગ રોડ, ફોનનં. ૦૨૮૧ - ૨૪૭૯૧૩૩, મો. નં. ૮૫ ૧૧ ૩૩ ૧૧ ૩૩ રાજકોટનો સંપર્ક કરવા અનુરોધ છે.

### અનુલોમ-વિલોમની વિધિઃ

૧. ડાબી નાસિકાથી ઊંડો શ્વાસ લેવું
૨. જમણો નાસિકાથી શ્વાસ બાહર કાઢવો
૩. જમણો નાસિકાથી શ્વાસ અંદર લેવું
૪. ડાભી નાસિકાથી શ્વાસ બાહર કાઢવો.

આ એક આવૃત્તિ કેહવાય છે. આજ રીતે સમયની અનુકુળતા મુજબ ૫ થી ૧૦ મિનીટ સુધી અનુલોમ-વિલોમનો અભ્યાસ કરી શકાય છે. આ એક સામાન્ય વિધિ છે. પણ આ પ્રાણાયામને રેચક, પુરક અને કુંભકના અભ્યાસ સાથે પણ કરી શકાય છે.

૧. ડાભી નાસિકાથી શ્વાસ અંદર લેવું
૨. શ્વાસને અંદર રોકવું
૩. જમણી નાસિકાથી શ્વાસ બાહર કાઢવું
૪. શ્વાસને બાહર રોકવું
૫. જમણી નાસિકાથી શ્વાસને અંદર લેવું
૬. શ્વાસને અંદર રોકવું
૭. ડાભી નાસિકાથી શ્વાસને બાહર કાઢવું
૮. શ્વાસને બાહર રોકવું

### અનુલોમ-વિલોમ પ્રાણાયામ

યોગ શાસ્ત્ર અનુસાર શરીરમાં બોતેર હજાર નાડીઓ છે જેમાં ઈડા, પિંગલા અને સુષુમ્ના મુખ્ય નાડીઓ માનવામાં આવે છે. પ્રાણાયામ દ્વારા નાડીઓનો શુદ્ધિકરણ થાય છે અને શરીર વ્યાધિમુક્ત બને છે. યોગમાં રેચક (શ્વાસને બાહર કાઢવું), પુરક (શ્વાસને અંદર લેવું), અને કુંભક (શ્વાસને રોકવું)નો પણ ઉલ્લેખ છે જેનો અભ્યાસ પ્રાણાયામમાં કરવામાં આવે છે. અનુલોમ-વિલોમને નાડી શુદ્ધિ પ્રાણાયામ પણ કેહવામાં આવે છે જેનો અભ્યાસ થી નાડીઓ શુદ્ધ થાય છે.

**અનુલોમ-વિલોમ કરવાની રીતઃ** કોઈ પણ સ્થિતિમાં જેમકે સુખાસન, અર્ધ પદ્માસન, પદ્માસન, કે વજ્રાસનમાં ટટ્ટાર બેસીને અનુલોમ-વિલોમ પ્રાણાયામ કરી શકાય છે.

**નાસિકા પર હાથની સ્થિતિઃ** અનુલોમ-વિલોમ માટે હસ્તમુદ્રાનો વિશેષ મહત્વ હોય છે. જમણા હાથની અંગુલીઓને વિષ્ણુ મુદ્રા બનાવી અગુંઠા જમણા નાસિકા પર સ્પર્શ કરીને રાખવું.

રા.જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપત બોદર ખરા અર્થમાં દુઃખીયાના બેલી

# સ્વખર્ચે ૨૦ હજાર રેપીડ ટેસ્ટીંગ કિટની ફાળવણી



## દુધીબેન બોદર ટ્રસ્ટ દ્વારા ૮૦ ઓકિસજનના બાટલાનું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

કોરોનાની મહામારી વચ્ચે જીલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદર દ્વારા માનવ સેવા એ જ પ્રભુ સેવાના મંત્રને વરી થોડા દિવસો પહેલા સ્વખર્ચે ૨૦ હજાર એન્ટીજન કીટ પણ આપી હતી. આ કોરોના મહામારી માં હરહંમેશ લોકોની સાથે રહી મદદ કરે છે અને જીલ્લાભરની કાયમ ચિંતા કરી જરૂરિયાત હોય ત્યાં તમામ પ્રકારની મદદ પહોંચાડે છે. વર્તમાન સમયમાં રાજકોટની પ્રજા કોરોનાની ગંભીર મહામારીની ઝપેટમાં આવી ગઇ છે અને પોતાના પરિવારજનોને બચાવવા ઝઝુમી રહી છે. ત્યારે લોકોની વચ્ચે અને લોકોની સાથે તેમના મીત્ર, આત્મીય સ્વજન તરીકે ઉભા રહી. રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભૂપત બોદર ખરા અર્થમાં દુઃખીયાના બેલી અને જરૂરીયાત મંદ પરીવારો માટે મદદકર્તા અને તારણહાર બની રહયા છે.

રાજકોટ જીલ્લાની પ્રજાને કોરોના સામે રક્ષણ મળે તેવા ઉમદા હેતુથી રાજકોટ જીલ્લાના ગામડાઓનો સરકારી ગાડીના બદલે પોતાના અંગત વાહનમાં સ્વખર્ચે પ્રવાસ કરી અને ૪૫ થી ૬૦ વર્ષની વયના લોકો માટે વેકસિનેશન કેમ્પો યોજવાના શરૂ કરી દીધા હતા. તેમણે જયારે જાણયું કે ગામડાઓમાં કોરોનાનો ટેસ્ટ કરવાની ટેસ્ટીંગ કીટની અછત છે. તો તાત્કાલિક પોતાના ખર્ચે ૨૦,૦૦૦ રેપીડ ટેસ્ટીંગ કીટની ફાળવણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સંજીવની રથોમાં ઉપલબ્ધ કરાવી દીધી આ ઉપરાંત ઓકસિજનના બાટલાની અછત અને જરૂરિયાત ઉપસ્થિત થતા ૧૦૦ થી વધુ ઓકસિજના બાટલા સાથેની લાઇફ સપોર્ટ કીટ પણ તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત સમગ્ર ગુજરાતની ૩૩ જિલ્લા પંચાયતો જયારે મીટીંગો કરી આયોજનમાં વ્યસ્થ હતી ત્યારે ભૂપતભાઇ બોદરે હાલની પરિસ્થિતિનો તુરંત તાગ મેળવી ૪ કરોડ ૧૬ લાખની સ્વભંડોળની ગ્રાંટ તાત્કાલિકના ધોરણે કોરોનાની મહામારી સામે લડવા માટે ફાળવી દીધાનું ઐતિહાસિક પગલુ ભરેલ હતું લોકોની ટીકાથી જરા પણ વિચલિત થયા વિના તેઓએ તાજેતરમાં કસ્તુરબાધામ સીટ નીચેના ૨૦ ગામોના ૧૮ વર્ષથી વધુ વયના લોકોનો વેકસિનેશનની પ્રવૃતિનો વ્યાપ વધે અને વધુને વધુ યુવાનો કોરોના વિરોધી વેકસિન મુકાવે તેવા ઉમદા આશયથી ૧૮ થી વધુ વયના જે લોકો વેકસીન મુકાવે તેને તા.૧ થી ૧૦ મે સુધી પોતાના પંપેથી પેટ્રોલ, ગેસ એન ડીઝલમાં રૂપિયા ૧ નું ડિસ્કાઉન્ટ પણ આપવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. જે તેમની દુરંદેશીનો ખ્યાલ રજુ કરે છે. ભૂપતભાઇ બોદરે આ ઉપરાંત જિલ્લા પંચાયતમાં ચાલતા ભ્રષ્ટાચારને નાથવા માટે પણ કમર કસી છે . તેઓ સરકારી બંગલો અને ગાડીનો ઉપયોગ કરતા નથી. બીજા સભ્યોને પણ તેમ કરવા પ્રેરતા હોય છે. પ્રમુખ પદનો ચાર્જ સંભાળતાજ રોડ, રસ્તાના કામમાં ચાલતા ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવાનો બહાદુરી પૂર્વકનું કામ માત્ર આવા નિડર અને બાહોશ સત્તાધીશ જ કરી શકે છે.

તેઓ સરકારી નાણાનો ઉપયોગ કરવાના બદલે પોતાના સ્વખર્ચે સમાજ ઉપયોગી કાર્યો કરે છે. સર્વજન હિતાય સર્વજન સુખાય એ ભૂપતભાઇનો જીવન મંત્ર છે અને તેને સાર્થક કરવા તેઓ તેમનાથી બનતા પ્રયાસો હાથ ધરી રહયા છે. આ કેમ્પનો પ્રારંભ પ્રદેશ ભાજપના યશસ્વી ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ તકે ભુપતભાઈ બોદર, નરેન્દ્રસિંહ જાડેજા, કેયુરભાઈ ઢોલરીયા, શૈલેશભાઈ ગઢિયા, ગંગાબેન બથવાર, ભરતભાઈ મકવાણા, અશોકભાઈ કલોલા, રઘુભાઈ મુંધવા, વિનુભાઇ અસોદારીયા, શાંતુભાઈ ખાચર, ગોવિંદભાઈ કીહલા, છગનભાઈ મેર, ભુપતભાઈ મકવાણા, વિશાલભાઈ મકવાણ ગામ ના સરપંચ ઉપસ્થિત રહ્યા હતા.

## વોલ પેઈન્ટીંગ આર્ટીસ્ટ એસોસીએશનની મીટીંગમાં હોદ્દેદારોની વરણી

### સમિતિમાં દરેક જીલ્લાવાઈઝ ૪-૪ હોદ્દેદારોનો સમાવેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

તા. ૨૫-૪ ના રોજ સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના વોલ પેઇન્ટીંગ આર્ટીસ્ટ એસોસીએશનની મીટીંગ રાખેલ જેમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સુનીલભાઇ એચ. પાડલીયા, રાજકોટ, ઉપપ્રમુખ શેખ માજીદમીયાભાઇ-અમદાવાદ, મહામંત્રી સુમનભાઇ-નડીયાદ, મંત્રી પ્રકાશભાઇ પ્રજાપતી અમદાવાદ, સંગઠનમંત્રી શૈલેષભાઇ કાપડી-રાજકોટ, સલાહકાર સમિતી વાઘજીભાઇ-મહેસાણા, અને ખજાનચી ચંપકભાઇ પટેલ-રાજકોટ વગેરેઓની નિમણુંક કરી અને ખાસ કરીને ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી, સંગઠનમંત્રી તેમજ સલાહકાર સમીતીમાં દરેક જીલ્લાવાઇઝ ૪-૪ હોદ્દારોનો સમાવેશ કરવામાં આવેલ છે.(૧૪.૭)

## સિવિલમાં સારવારમાં રહેલા વૃધ્ધા ગુમ થયાની જાણ થતા

# સમરસના સ્ટાફે વૃધ્ધાને સાજા કરી પરિવારને જાણ કરી



### ગુમ થયેલા વૃધ્ધાને શોધવા પ્રાંત-૨ અધિકારી ચરણસિંહ ગોહિલ, તબીબી સ્ટાફ તથા મામલતદાર સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

છેલ્લા ત્રણ સપ્તાહથી ગુજરાત ભરમાં કોરોના મહામારીએ ભયંકર સ્વરૂપ ધારણ કરતા ખાનગી અને સરકારી હોસ્પિટલોના દર્દીથી ઉભરાય રહી છે. કોરોનાની સારવાર લેવા આવેલા દર્દીઓની તમામ પ્રકારની દેખરેખ હોસ્પિટલનો સ્ટાફ કરતો હોવાથી કયારેક કોઈ દર્દીને એક હોસ્પિટલમાંથી બીજી હોસ્પિટલમાં ફેરબદલી કરવામાં આવે છે. ત્યારે મોટી ઉમરના લોકોને ફોન ન હોવાથી કે બીજા કોઈ કારણોસર સગા સંબંધીને જાણ ન થતા સગા-સંબંધીમાં દોડ ધામ મચી જવા પામે છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. થોડા દિવસો પહેલા સિવિલ હોસ્પિટલની કોવિડ હોસ્પિટલમાં મોટી ઉમરના એક વૃધ્ધા દાખલ થયા હતા. વૃધ્ધાની ઉમર મોટી હોવાથી અને પોતે બંને કાને સાંભળવાની શકિત ગુમાવી બેઠા હોવાની તેઓ પાસે કોઈ ફોન કે બીજી કોઈ વસ્તુ ન હોવાથી વાલી વારસનો સંપર્ક થઇ શકતો ન હોય તેવા સંજોગોમાં તબીબોએ વૃધ્ધાની તબિયતમાં સુધારો થતા વૃધ્ધાને સમરસ હોસ્ટેલમાં ટ્રાન્સફર કર્યા હતા. તે દરમ્યાન વૃધ્ધાના સગા-સંબંધીઓએ સિવિલમાં તેના સ્વજન ગુમ થયા હોવાની જાણ કરી હતી.

ત્યાર બાદસમરસમાં હાજર તબિબી સ્ટાફ તથા સબ ડિવિઝન મેજીસ્ટ્રેટ ચરણસિંહ ગોહિલ તથા મામલતદાર સહિતનો સ્ટાફ ગુમ થયેલા વૃધ્ધાને શોધી તેની સારવારમાં પુરતું ધ્યાન અપાવી વૃધ્ધાને સાજા કર્યા હતા. બાદમાં ઓળખાણના માધ્યમથી વૃધ્ધાના પરિવારનો સંપર્ક કરી વૃધ્ધાને સારું થઇ જતા હેમખેમ પરિવારને સોંપી તંત્ર વાહકોએ ઉમદી ફરજ અદા કરી હતી.

### સમરસમાં સ્ટાફ સાથે ગેરવર્તન કરતા શખ્સની ધરપકડ


રાજકોટઃ કલેકટર કચેરીના સબ ડિવિઝન મેજીસ્ટ્રેટ ચરણસિંહ ગોહિલ સહિતનો સ્ટાફ ગઈકાલે સમરસ બોયઝ હોસ્ટેલમાં કોરોનાની ફરજમાં હતા ત્યારે પત્રકાર હાર્દિક હરેશ પાઠક નામના શખ્સે સ્ટાફ સાથે ગેરવર્તન કરી કોઈ બાબતે રુવાબ જાડી તંત્ર વાહકોની ફરજમાં રુકાવટ કરી બોલા ચાલી કરતા એસ.ડી.એમ ચરણસિંહ ગોહિલે ગાંધીગ્રામ-૨ (યુની) પોલીસમાં શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ વી.એમ.ડોડીયાએ શખ્સની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં કમોસમી વરસાદ બાદ પણ અસહ્ય ઉકળાટ યથાવત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર - કચ્છમાં દરરોજ સાંજના સમયે કમોસમી વરસાદ વરસાદ વરસી જાય છે તેમ છતા દરરોજ અસહ્ય ઉકળાટ યથાવત રહે છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં કાલે સાંજે પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો અને સાથે કરા પણ પડયા હતા. પડધરી - લોધીકોં- ટંકારા પંથકમાં માવઠું વરસ્યું હતું રાજકોટમાં બપોરના સમયે રાત્રી જેવું અંધારું છવાયા બાદ કોઈ - કોઈ જગ્યાએ પવન સાથે વરસાદ વરસ્યો હતો. જામનગર હાઇવે ઉપર આવેલ પડધરી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે કરા સાથે કમોસમી વરસાદ ચાલુ થયો હતો વરસાદ વરસ્યા બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. રાજકોટ જિલ્લાના



લોધિકા ના ધુળીયા દોમડામાં વરસાદ પડ્યો હતો. ટંકારામાં કાલે સાંજે પાંચેક વાગ્યાના અરસામાં હવામાનમાં અચાનક પલટો આવવાની સાથે મસમોટા કરાનો વરસાદ વરસતા ખેડૂતોમાં ચિંતાનું મોજું પ્રસરી ગયું છે. ટંકારા પંથકમાં સાંજના સમયે અચાનક વાતાવરણમાં બદલાવ આવ્યો હતો અને સાવડી, સરાયા, નેસડા, જબલપુર અને સજનપર

### વરસાદ ખાબકતા ખેડૂતોના ઉનાળુ તલીના વાવેતર ઉપર ખતરા

સહિતના ગામડાઓમાં કમોસમી વરસાદ ખાબકતા ખેડૂતોના ઉનાળુ તલીના વાવેતર ઉપર ખતરો મંડરાઈ રહ્યો છે. છેલ્લા ૩ દિવસથી રાજકોટ શહેરમાં વાતાવરણ સતત બદલાઇ રહ્યું છે. જેમાં સવારથી બપોર સુધી તાપમાન ૪૧ ડિગ્રી નજીક રહે છે. ત્યારબાદ હવામાનમાં પલટો થા ધૂળની ડમરીથી પણ ઉડી અને હળવા ઝાપટાં પણ પડે છે. એવી જ રીતે રાજકોટ શહેરમાં ગઇકાલે રોજ મહતમ તાપમાન ૪૧.૫ ડિગ્રી નોંધાયું હતુ. અને બપોર બાદ હવામાન બદલાતા વાદળ ઝાપટાં પડતા લોકોને ગરમીથી આંશિક રાહત પણ મળી હતી.

# ગાંધીધામ-આદિપુરના હોમકવોરન્ટાઈન માટે ફ્રી ટીફીન સેવા

### કોરોના દર્દી તથા તેમના સગા માટે ટિફિન મંગાવવા નોંધણી કરાવવી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ગાંધીધામ, તા.૨૯

હાલ કોરોના વાયરસની મહામારી વિકરાળ સ્વરૂપ ધારણ કરેલ છે. ત્યારે આવા કપરા કાળમાં ઘણા પરિવાર અસરગ્રસ્ત થયેલ છે. તેથી, આવા પરિવારોને ભોજન વ્યવસ્થા સમયસર પુરી પાડવાની જવાબદારી લીધી છે. આથી આ મહામારીને લીધે કોરોના પોઝીટીવ હોય તેમજ હોમ ક્વોરેન્ટાઈન હોય એવા દરેક લોકોને ભોજન માટે વિના મૂલ્ય ટીફીન વ્યવસ્થા કરી આપવામાં આવશે. આઈ મોગલ સેવા સંસ્થા અને દાતાઓના સહયોગથી ફ્રી ટીફીન સેવા ચાલુ કરેલ છે. ગાંધીધામ આદિપુરના કોઈપણ હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દી કે તેમના સગા માટે જમવાનું ટીફીન બપોરેને સાંજે ફ્રી મંગાવવા બપોરે ૧૦ વાગ્યે સાંજે ૫ વાગ્યે નોંધાવી દેવાનું રહેશે. નીચેના નંબર ઉપર જાણ કરવી. રવરાય મંડપ ડેકોરેશન રાજભા રાબા ૯૬૩૮૭ ૯૦૫૧૦ બાલાજી કેટરીંગ જોરૂભાઈ ૮૮૪૯૪ ૬૭૬૬૪ જે કોઈ દાતાઓને સહયોગ કરવો હોય તે ગુગલ પે, ફોન પે ૯૬૩૮૭ ૯૦૫૧૦ આ નંબર પર કરવું.(૧૪.૭)

## અવસાન નોંધ

**રાજકોટ:** ઔદીચ્ય સહસ્ત્ર ચીભડીયા બ્રહ્મસમાજ રૂપાવટી જગદિશચંદ્ર વ્રજલાલ જોષી (ઉ વર્ષ ૭૨ ) તે સ્વ.વ્રજલાલના પુત્ર હસમુખભાઈ (અમરેલી), ગોપાલભાઈ (કોવાયા), રમેશચંદ્ર (રૂપાવટી), વિનોદરાય (રાજકોટ) રંજનબેન નરેન્દ્રભાઇ ત્રિવેદી અમદાવાદના ભાઈનું તા ૨૬ના રોજ અવસાન થયું છે. ટેલિફોનીક બેસણું તા ૩૦ને શુક્રવારે, સવારના ૧૦થી ૫ રાખેલ છે. જીજ્ઞેશભાઇ ૯૯૨૪૭ ૬૭૪૬૫ રમેશભાઈ. ૯૯૨૪૭ ૪૨૭૨૭

**રાજકોટ:** સોની વલ્લભભાઈ કાનજીભાઈ ભુવાના પુત્ર મુકેશભાઈ(ઉ.૪૬) તે શ્લોકના પિતા, હિતેશભાઈ, મિન્ટુભાઈના ભાઈનું તા.૨૭ના રોજ અવસાન થયું છે. ટેલિફોનિક બેસણું તા.૨૯ ને ગુરુવારે, સાંજે ૪ થી ૬ છે. મો. ૯૬૬૪૮ ૭૦૪૯૭/૮૧૪૧૬ ૫૭૩૮૩

**રાજકોટ:** સ્વ.વીજિયાબેન બાબુલાલ જોષી, તેઓ અનીલભાઇ, અશ્વીનભાઇ, અજયભાઇ, તેમજ ઊર્મિલાબેન મનસુખલાલ પંડયા, રસીલાબેન સુરેશલાલ રાવલ, શોભાનાબેન અશોકભાઈ ભટ્ટ, વર્ષાબેન કેતનભાઇ મહેતાનાં માતા તેમજ દેવાંગ, નીકુંજ, ભવદીપ, જય-અજયભાઇ અને દિપ્તી, કોમલ, નિધીનાં દાદીનું તા.૨૮ ને બુધવારે સવારે ૯:૨૦ અવસાન થયું છે. ટેલીફોનીક બેસણું તા.૩૦ ને શુક્રવારે રાખેલ છે. અનીલભાઇ જોષી- ૯૬૬૨૫૩૫૮૫૫, અશ્વીનભાઇ જોષી- ૯૮૭૯૪૦૨૮૦૨, અજયભાઇ જોષી- ૯૮૭૯૭૩૯૯૨૫.

**રાજકોટ:** દશા સોરઠીયા વણીક હરસુખભાઈ તુલસીદાસ માંડવીયા, (ઉ.વ.આ.૭૯) તે રંજનબેનના પતિ, અતુલભાઈ (TJSB BANK) તથા શિતલબેનના પિતા તથા બિંદુબેનના સસરા અને બંસરીના દાદા અને સ્વ.ચંદ્રકાંતભાઈ માંડવીયાના નાનાભાઈ તથા સ્વ. પ્રવિણભાઈ અને નવિનભાઈ (કેશોદ) મોટાભાઈનું તા.૨૭ ના રોજ અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું તા.૨૯ ના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. અતુલભાઈ માંડવીયા- મો. ૯૮૨૫૬૧૪૩૦૬, નવિનભાઈ માંડવીયા- મો. ૯૮૨૫૬૪૬૨૯૪, કમલભાઈ માંડવીયા- મો. ૯૫૫૮૮૧૧૯૦૦, હિતેષભાઈ માંડવીયા- મો. ૯૮૨૪૨૩૯૩૬૬.

**રાજકોટ:** ઔદીચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ યોગેશભાઈ હરિશંકરભાઈ દવે (ઉ.વ.૯૨) તે હસમુખભાઈ, પ્રવિણભાઈ, સ્વ.જનકભાઈ, સ્વ.વિમંતભાઈ, સ્વ. ભગીરથભાઈ, સ્વ. નિરૂબેન, ઉષાબેન, જ્યોત્સનાબેન, નીલાબેનના ભાઈ તથા અતુલભાઈ (એડવોકેટ), નિલેશભાઈ, પારૂલબેન તથા રશ્મીબેનના પિતાનું તા.૨૯ ને ગુરુવારના રોજ અવસાન થયું છે. ટેલીફોનીક બેસણું તા.૩૦ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે. અતુલભાઈ દવે (એડવોકેટ) મો. ૯૮૨૪૨૦૦૬૩૮, ચિંતનભાઈ દવે (એડવોકેટ) મો. ૯૯૯૮૮૬૧૫૦૫, નિલેશભાઈ એચ. દવે મો. ૮૯૮૦૨૪૯૮૯૯, જયમીનભાઈ દવે મો. ૯૪૦૮૧૦૩૫૪૩.

**જામનગર:** ગિરીનારાયણ બ્રાહ્મણ મુળ સાતોદડ હાલ જૂનાગઢ નિવાસી સ્વ. કમલનયનભાઈ.પી. પુરોહિતનું તા.૨૮ ને બુધવારના રોજ અવસાન પામેલ છે. હાલની વતેમાન પરીસ્થિતિને ધ્યાને રાખીને તા.૩૦ ને શુક્રવારના રોજ ટેલિફોનિક બેસણું ૪ થી ૬ કલાકે રાખેલ છે. મનિષ પુરોહિત મો. ૯૪૨૮૮૩૭૪૩૬ વિપુલ પુરોહિત મો.૯૪૨૯૯૯૪૪૫૬ રૂષી પુરોહિત મો.૮૮૬૬૫૨૮૭૫૩

**અમરેલી:** ઔદિચ્ય સહસ્ત્ર સાડા ચારસો બ્રાહ્મણ મૂળ પાડરશીંગા હાલ અમરેલી રંજનબેન નિલેશભાઈ ત્રિવેદી (ઉ.વ.૫૮) તે દયાશંકર એમ. ત્રિવેદીના પુત્રવધૂ તથા પ્રદિપભાઈના નાના ભાઈના પત્નિ તથા દેવાંગભાઈ મહેતાના સાસુ તથા જયશ્રીબેન કમલેશભાઈના ભાભી તથા હર્ષદભાઈ અને જયેશભાઈના બહેન તથા અંકીતા, બંસરી, માધવભાઈના માતાનું તા.૨૬ના રોજ અવસાન થયું છે. સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા.૨૯ને ગુરૂવારના રોજ સવારના ૮ થી સાંજના ૬ સુધી રાખેલ છે.

**કાંકચ:** સ્વ. રામજીભાઇ વાલાભાઇ હેલૈયા (ઉ.વ.૮૦)નું તા. ૨૮ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. વિરજીભાઇ વાલાભાઇ હેલૈયા(વડોદરા)ના મોટાભાઇ થાય છે. બાબુભાઇ રામજીભાઇ (ગારીયાધાર), ગોવિંદભાઇ રામજીભાઇ(સુરત), ગૌતમભાઇ રામજીભાઇ, નરેશભાઇ રામજીભાઇ (મહુવા)ના પિતા થાય છે. ભનુભાઇ ભીમજીભાઇ, રમેશભાઇ ભીમજીભાઇ, વિનુભાઇ ભીમજીભાઇ હેલૈયાના કાકા થાય છે. તેમનુ બેસણું ટેલીફોન રાખેલ છે. મો. ૯૯૧૩૫૦૧૩૬૨/૯૮૨૪૩૩૮૩૨૯ છે.

**દામનગર:** કાન્તાબા નારણદાસ નિમ્બાર્ક (ઉ.વ.૮૭) તે નારણદાસબાપુના પત્ની તથા હસુભાઇ ભાવનગર તથા જગદીશભાઇ (જીઇબી) દામનગર તથા નરેશભાઇ સુરત તથા અનસુયાબેન અમરેલી તથા અન્નપૂર્ણાબેન જાળીયા તથા દમયંતીબેન દામનગ પ્રાથમિક શાળા શિક્ષકના માતાનું તા.૨૮ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. ટેલિફોનીક શોકસંદેશઃ તા.૨૯ ગુરૂવારના રોજ સમય ૩ થી ૬ રાખેલ છે. હસમુભાઈ (૯૪૨૭૫ ૫૯૯૪૮), જગદીશભાઈ (૯૮૯૮૩ ૨૨૩૭૯), નિત્યાનંદભાઇ (૯૭૨૩૭ ૨૩૦૨૮).

**અમરેલી:** શૈલેષભાઇ ધીરજલાલ જોષીના પુત્ર ભાર્ગવ (ઉ.વ.૨૯) તે અજય, વિરવનાભાઇ, પ્રફુલભાઇ જાનીના ભાણેજનું તા.૨૭ના રોજ અવસાન. ટેલિફોનીક બેસણું તા.૨૯ને ગુરૂવારે સ્વામિનારાયણ-૧, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી.

### મનસુખલાલ પરમાર (સત્સંગી સેવક-પત્રકાર) નું અવસાન

**રાજકોટ:** મનસુખલાલ મગનલાલ પરમાર (સત્સંગી સેવક-પત્રકાર) તે દલસુખભાઈ, રસિકભાઈ, જેન્તીભાઈના મોટાભાઈ તથા પ્રદિપભાઈ, અતુલભાઈ તથા રાજુભાઈના પિતાનું તા.૨૭ ને મંગળવાર ના રોજ અવસાન થયું છે. ટેલીફોનીક બેસણું તા.૨૯ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે. પ્રદિપભાઈ- ૯૪૨૭૩૮૭૧૨૯, રાજુભાઈ- ૯૯૨૪૫૩૦૨૧૫.

### અમરેલીના કોંગ્રેસના પૂર્વ સાંસદ નવિનચંદ્રભાઈ રવાણીનું અવસાન

**અમરેલી:** અમરેલીના પૂર્વ કોંગી સાંસદ નવિનચંદ્રભાઈ રવાણીનું આજે વહેલી સવારે અમદાવાદ ખાતે નિધન થવા પામેલ છે. ત્યારે અમરેલી જીલ્લાને કદી પણ ન પુરાય એવી ખોટ પડી છે. નવિનચંદ્ર રવાણી અમરેલી જીલ્લાના બે વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. અમરેલી જીલ્લાના વિકાસમાં પોતે મોટો સિંહ ફાળો આપ્યો હતો. (૧.૧૬)

## વાલકેશ્વર સોસાયટીમાં પત્નીને કોરોના આવતા પતિનો ફાંસો ખાઈ આપઘાત

### પરિવારજનો બહાર ગયા હોય ત્યારે પંખા સાથે સાડી બાંધી જિંદગી ટૂંકાવી લેતા પરિવારમાં સરેરાટી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

શહેરના વાલકેશ્વર સોસાયટીમાં રહેતા પ્રોઢ પત્નીને કોરોના પોઝિટીવ આવ્યા બાદ ડરના કારણે ગળાફાંસો ખાઈ લેતા પરિવારમાં સરેરાટી મચી જવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ વાલકેશ્વર સોસાયટીમાં શેરી.૯ માં રહેતા મજુરીકામ કરતા હરસુખભાઈ છગનભાઈ ચાવડા (ઉ.વ.૫૫) એ પરિવારજનો બહાર ગયા બાદ ઘરે એકલા તેમણે પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં સરેરાટી મચી જવા પામી હતી. સાંજે ઘરે પરત લોટેલા પરિવારે હરસુખભાઈને ગળાફાંસો ખાધેલી હાલતમાં જોઈ સતબ્ધ થઇ ગયા હતા. બનાવ અંગે ભકિતનગર પોલીસ સ્ટેશનના બી.પી.સોલંકીએ દોડી જઈ મૃતદેહને નીચે ઉતારી પી.એમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી ધરાવતા હસમુખભાઈ મજુરી કામ કરતા હતા. તેના પત્નીને કોરોના પોઝિટીવ આવ્યા હોય તેના ડરને કારણે આ પગલું ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### ગોંડલમાં ગરાસિયા યુવાનની હત્યા કરાયેલી લાશ મળી

હોસ્પિટલમાં ખસેડી મૃતકની મૃતકની બહેનની ફરિયાદ નોંધીને ફરિયાદમાં મૃતકની બહેને જણાવ્યું હતું કે આજથી ત્રણેક મહિના પહેલા એટલે કે જાન્યુઆરી મહિનામાં કોઈ અજાણ્યા શખ્સોએ ગોંડલ રામદાવાર પાસે એસ.ટી બસ ઉપર પથ્થર મારો કરેલ હોય જેમાં પોલીસે જયવીરસિંહ જયદીપસિંહ જાડેજા, મહિપાલ રણજીત વાળા, વિવેક ઉર્ફે ટકો મહેન્દ્ર બારડ, ઉદયરાજ સિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ તથા દિવ્યરાજસિંહ હરદેવસિંહ ચુડાસમા સહિત પાંચ શખ્સોની પોલીસે ધરપકડ કરી હોય જે લોકોના નામ પોલીસને અજયસિંહ જાડેજાએ આપેલ હોય તેવો ખાર રાખી આ લોકોએ અજયસિંહ જાડેજાને અવાર નવાર ફોન કરી જોઈ લેવાની ધમકી આપતા હોય આ લોકોની તપાસ કરી હત્યારાઓને પકડી પાડવા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### વખાના માર્યા ૧૬ વર્ષે નીતિ બદલી, ૧૭ દેશોમાંથી સહાયનો ધોધ શરૂ

પ્રાશાસને જાહેર કર્યુ છે. એ જ રીતે રશિયાથી ૨૨ ટન મેડિકલ સાધન સરમજામનો પુરવઠો ભારત આવવા રવાના થઇ ગયો છે. દવાઓ અને તબીબી ઉપકરણો તથા ઓક્સિજન સહિતનો મોટો જથ્થો સ્વીઝરલેન્ડ પણ મોકલી રહયું છે. ભારત સરકારના સુત્રોએ જણાવ્યું હતું કે, ચિન પાસેથી પણ ઓક્સિજનને લગતા સાધનો અને જીવન રક્ષક દવાઓ ખરીદવામાં સરકારને કોઇ વાંધો નથી. આવી દવાઓ અને મેડિકલ ઉપકરણો વિદેશી એજન્સીઓ પાસેથી ખરીદવાની રાજય સરકારોને પણ છુટ આપવામાં આવી છે. આ રીતે મનમોહનસિંઘ સરકાર વખતે નક્કી થયેલી વિદેશી સહાય નહીં સ્વીકારવાની વ્યૂહ રચના મોદી સરકારે બદલી નાખી છે. છેલ્લા ૧૬ વર્ષ બાદ પહેલીવાર ભારત વિદેશી મદદ સ્વીકારી રહયું છે. અત્યારે અમેરીકા-બ્રિટન ઉપરાંત સાઉદી અરેબીયા, ફ્રાન્સ, જર્મની, રશિયા, આઇસલેન્ડ, બેલજીયમ, રોમાનીયા, પોર્ટુગલ, સ્વીડન, ઓસ્ટેલીયા, નોર્વે, ઇટાલી, ફિન્ડલેન્ડ, સીંગાપુર, થાઇલેન્ડ, હોગકોન્ગ અને ભુટાનમાંથી સહાયનો ધોધ છુટી રહયો છે.

### રાજકોટમાં ફરી મૃત્યુઆંક વધતા ચિંતા : ૬૬ દર્દીઓના મૃત્યુ

હોવાથી કલેકટરે તપાસનો આદેશ આપ્યો હતો. હજીરા પ્લાન્ટનું એક ટેન્કર સીલ કરવામાં આવ્યું છે. મેડિકલ ઓક્સિજનની તંગીને કારણે ૨૬૦૦ બેડ પૈકી ૮૦૦ બેડ માટે જ ઓક્સિજનનો ઉપયોગ થઇ રહયો છે. દરમ્યાન સુરતમાં બનેલી એક અતિશય કરૂણ ઘટનામાં સંજીવની હોસ્પિટલમાં માતાનું કોરોનાથી મૃત્યુ થયા બાદ તેના દિકરાએ આપઘાત કરી લીધો હતો. માતાનું મૃત્યુ થતા એમના દિકરાએ હોસ્પિટલના આઠમાં માળેથી કુદી પડી આત્મહત્યા કરી લીધી હતી. રાજકોટમાં કોરોનાએ તાંડવ નૃત્ય ચાલુ રાખ્યું છે. ગઇકાલના પ્રમાણમાં વધુ મૃત્યુઆંક નોંધાયો હતો. શહેરમાં રેમડેસિવિર ઇન્જેકશનની સાથે સાથે હવે ફેબીફલુ દવાની પણ તંગી ઉભી થઇ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વધુ પ્રોફેસરનું કોરોનાથી મૃત્યુ થયું હતું. યુનિવર્સિટીના અધ્યાપક અંજુબેન સોંદરવાનું કોરોના હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું પરીણામે યુનિવર્સિટીમાં શોકની લહેર પ્રસરી હતી.

### કોરોના ફાટીને ધુમાડે : ૩,૭૯,૦૦૦ નવા કેસ, ૩૬૪૫નાં મોત

પરીણામે કોરોના દર્દીઓની સારવાર કરવામાં ભારે સમસ્યાઓ થઇ રહી છે. શનિવારથી મોટાપાયે રસીકરણ શરૂ થઇ રહયું છે. ૧૮ વર્ષથી વધુ વયના નાગરિકોને આવરી લેવાના છે એ માટે આજ સુધીમાં ૧ કરોડ ૩૦ લાખ લાભાર્થીઓ રસી માટે રજીસ્ટ્રેશન કરાવી ચુકયા છે. દરમ્યાન અમેરીકાએ ૧ હજાર ઓક્સિજન સિલિન્ડર, દોઢ કરોડ જેટલા એન-૯૫ માસ્ક અને ૧૦ લાખ રેપીડ ટેસ્ટની કીટ રવાના કરી છે. શુક્રવાર સુધીમાં પુરવઠો આવી પહોંચવાની શકયતા છે. ચિનના ભારત ખાતેના રાજદુતે સુન વેઇદોડે જણાવ્યું હતું કે, ભારતે ૨૫ હજાર ઓકિસજન, કન્સનટ્રેકરનો ઓર્ડર આપ્યો છે વિમાન માર્ગે જથ્થો મોકલાશે. દરમ્યાન કર્ણાટક અને બંગાળમાં કોરોના કેસોમાં આજ દિન સુધીનો સૌથી મોટો ઉછાળો આવ્યો હતો. કર્ણાટકમાં ૩૯ હજાર કેસો અને બંગાળમાં ૧૭૨૦૭ કેસો એક દિવસમાં નોંધાયા હતા. દેશના સૌથી વધુ અસરગ્રસ્ત મહારાષ્ટ્રમાં મૃત્યુઆંકનો સૌથી મોટો ઉછાળો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯૮૫ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા. નવા ૬૩૩૦૯ કેસો નોંધાયા હતા. કેરળમાં ૩૫ હજાર અને યુપીમાં ૨૯ હજાર નવા કેસો નોંધાયા હતા. કોરોનાનું જે નવું સ્ટ્રેન ભારતમાં જોવા મળી રહયું છે એ અન્ય ૧૭ દેશોમાં પણ ફેલાય રહયાનું આરોગ્ય સંસ્થાએ WHO જણાવ્યું હતું.

## આદીપુર-ગાંધીધામ ખાતે
# ચારણ-ગઢવી સમાજના પરિવારોનું આરટી-પીસીઆર ટેસ્ટીંગ કેમ્પ યોજાયો




### મોમાયાભા ગઢવી, ડો.બળવંતદાન ખડીયા સહિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

(અમારા પ્રતિનિધિ દ્વારા)
આદીપુર,તા.૨૯

આદીપુર-ગાંધીધામમાં વસતા ચારણ-ગઢવી સમાજના પરિવારો માટે RT PCR TESTING (કોરોના ટેસ્ટ) કેમ્પ નું નિઃશુલ્ક આયોજન મોમાયાભા પી. ગઢવી તેમજ ડો.બળવંતદાન ખડીયા દ્વારા કરવામાં આવેલ. આ કેમ્પના આયોજનમાં ઈશીતાબેન ટીલવાણી (પ્રમુખ ગાંધીધામ નગરપાલિકા), બળવંતભાઈ ઠક્કર (ઉપપ્રમુખ ગાંધીધામ નગરપાલિકા), પુનિતભાઈ દુધરેજીયા (કારોબારી ચેરમેન ગાંધીધામ નગરપાલિકા), વિજયસિંહ જાડેજા, મોમાયાભા પી. ગઢવી (ડાયરેક્ટર ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ) ડો.બળવંતદાન ખડીયા રાજભા ગઢવી (રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અખિલ ભારતીય ચારણ યુવા મહાસભા) વિપુલભાઈ ગઢવી (પ્રમુખ ગઢવી યુવક મંડળ ટ્રસ્ટ-ગાંધીધામ), મહેશભાઈ ગઢવી (નગરસેવક), જગદીશભા ગઢવી (નગર સેવક) તથા મોમાયાભાઈ માલમ વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પના આયોજનમાં ગઢવી સમાજ ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં લાભ લીધો હતો આ કેમ્પમાં કરવામાં આવેલ રીપોર્ટ આવ્યા પછીનું જરૂરી માર્ગદર્શન તેમજ ડો બળવંતદાન ખડીયા દ્વારા આપવામાં આવશે.

# સાગરનગરમાં પાનના ધંધાર્થી પર સાત શખ્સોનો તલવાર-પાઈપ વડે હુમલો

### તે પૈસા માટે મારા પિતાજી વિરૂધ્ધ કેમ અરજી કરી કહીં સ્વીફ્ટ કારમાં આવેલા શખ્સો હથિયારો વડે તૂટી પડ્યાઃ ઈજાગ્રસ્ત યુવાન હોસ્પિટલ બિછાને

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

શહેરના સાગરનગરમાં પાનના ધંધાર્થીએ માવાના પૈસાની ઉઘરાણી મુદ્દે કરેલી અરજીનો ખાર રાખી કારમાં આવેલા સાત શખ્સોએ તલવાર-ધોકા, પાઈપ વડે દુકાનમાં તોડફોડ કરીને બારોટ યુવકના હાથ પગ ભાંગી નાખી ગંભીર ઈજા કર્યા અંગેની ફરિયાદ નોંધાઈ છે. મારામારીના બનાવ અંગે સાગરનગર શેરીનં.૪ માં રહેતા પ્રિન્સ પાનની દુકાન ધરાવતા સુનીલ હસમુખ સોલંકી નામના ૪૫ વર્ષીય બારોટ યુવાને આજીડેમ પોલીસ સ્ટેશનમાં કુલદીપ ભગુ ઘોઘલ, ઉદય, વિજયભાઈ સહિત સાત સામે માવાના પૈસા નહીં આપી તલવાર-પાઈપ વડે હુમલો કર્યા અંગેની ફરિયાદ નોંધાવી છે. પી.એસ.આઈ એમ.ડી.વાળાએ આઈ.પી.સી ૩૨૩,૩૨૪ ધમકી, રાયોટ, જાહેરનામાં ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. સાગરનગરમાં રહેતા પ્રિન્સ પાનની દુકાન ધરાવતા સુનીલભાઈ સોલંકીને તમના ગ્રાહક ભગુભાઈ ઘોઘલ પાસેથી રૂ.૫૦૦૦ ની લેણી નિકળાતી રકમ વસુલવા માટે આજીડેમ પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. જે બાબતનો ખાર રાખી જીજે-૧૩ એ.એમ-૯૮૧૫ નંબરની અલ્ટો કારમાં આવેલા કુલદીપ ભગુભાઈ ઘાઘલ, તેનો બનેવી ઉદય, તેની માસીનો દિકરો વિજય તથા અજાણ્યા સાત શખ્સોએ આવી તલવાર-ધોકા, પાઈપ વડે હુમલો કરી બારોટ યુવાનના માથામાં, હાથમાં, પગમાં ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. બાદમાં બારોટ યુવકના સંબંધી નિખીલ, જયદીપ આવી જતા આજીડેમ પોલીસને જાણ કરી યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો.

# માળીયાહાટીના અકાળા ગામે લીમડાવાળા હનુમાનજીના મંદિરે મારૂતિયજ્ઞ સંપન્ન

### માત્ર બે યજમાન ઉપસ્થિત લોકો ઘરમાં રહી મારૂતિનંદનની પૂજા-અર્ચના કરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)
માળીયા હાટીના,તા.૨૯

માળીયા હાટીના અકાળા ગામે શ્રધ્ધાને આસ્થાના પ્રતીક લીમડાવાળા સંકટમોચન હનુમાનજીનું મંદિર આવેલું છે ત્યાં દર વર્ષે હનુમાન જયંતિ નિમિત્તે મારુતિ યજ્ઞ સાથે ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવે છે. જેમાં બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી હનુમાનજી ના શરણે શીશ નમાવી મહાપ્રસાદ લઇ ધન્યતા અનુભવે છે પરંતુ આ વર્ષે કોરોના મહામારીના કારણે અકાળા ગામે મારુતિનંદનનો માત્ર યજ્ઞ કરી સરકારની ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવે તેમજ યજ્ઞમાં બે યજમાન સિવાય બહારની કોઇ વ્યક્તિને આમંત્રણ આપવામાં આવેલ ન હતું ગામ લોકો પણ પોતાના ઘરે બેસી મારુતિનંદનને પ્રાર્થના કરી હતી કે દેશભરમાંથી કોરોના વાયરસનો નાશ થાય અને માનવજીવનની રક્ષા કરવા સંકટ મોચન હનુમાનજીને પ્રાર્થના કરી હતી.

# કષ્ટભંજનદેવને ધરાવવામાં આવેલ ૧૧૧૧ કિલોના લાડુને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન




(અમારા પ્રતિનિધિ દ્વારા) સાળંગપુરઃ સુપ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુરમાં હનુમાન જન્મોત્સવ અંતર્ગત તા.૨૭ ને મંગળવારના દિવસે કષ્ટભંજનદેવને ૧૧૧૧ કિલોના લાડુનો ભોગ ધરાવવામાં આવેલ જેને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળેલ છે. અને આ લાડુનો પ્રસાદ કોરોના વોરિયર્સ ડોકટરો તથા નર્સોને આપવામાં આવેલ છે. આ હનુમાન જન્મોત્સવના આ દિવ્ય પ્રસંગને મંદિરના શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી તથા કોઠારી સ્વામી વિવેકસાગરદાસજી દ્વારા સંપન્ન કરવામાં આવેલ છે.

# મોટાદડવામાં કરા સાથે મેઘરાજા વરસ્યા



### ઉનાળુ પાકને નુકસાન થતાં ખેડૂતો ચિંતાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

મોટાદડવા મા કરા સાથે જોરદાર મેઘરાજાએ આગમન કાળાડિબાંગ વાદળો સાથે એકાએક વરસાદ તુટી પડ્યો હતો. લોકોમાં ચિંતાના વાદળો ઘેરાયા એક તરફ બીમારીનો ભય તો બીજીતરફ ખેતરમાં પડેલ ઘઉંના પાક તેમજ ઉભેલ ઉનાળુ પાક પર મગ મકાઈ તલ જેવા પાકને નુકશાન હાલ મોટાદડવા ગામે કરા સાથે રોડ પર નદી વહી નીકળી.(૧૪.૧)

## જીંદગી બચાવતા વેન્ટિલેટર
# રાજુલા સિવિલ હોસ્પિટલમાં વહેલી તકે કાર્યરત કરવા માંગ

### યુવા નેતા અજય શિયાળ દ્વારા આરોગ્ય વિભાગ તથા ગુજરાત રાજય સરકારને રજૂઆત



(અમારા પ્રતિનિધિ દ્વારા)
રાજુલા,તા.૨૯

રાજુલા સિવિલ હોસ્પિટલનું નવીનીકરણ થયું ત્યારથી આજદિન સુધી હોસ્પિટલને ફાળવવામાં આવેલ ૨ વેન્ટિલેટર ઓપરેટરના હોવાના કારણે બંધ પડ્યા છે તેનાં કારણે આ વિસ્તારના દર્દીઓને અન્ય શહેરોમાં જવું પડે છે પરંતુ હાલ કોરોના વાઈરસ મહામારીમાં ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે અમુક લેવલ બાદ દર્દીઓને વેન્ટિલેટર પર રાખવાની જરૂરિયાત પડી રહી છે અને વેન્ટિલેટરની પણ તંગી સર્જાઇ છે ત્યારે રાજુલા સિવિલ હોસ્પિટલમાં બે વેન્ટિલેટર ઓપરેટરના અભાવે શોભાનાં ગાંઠિયા સમાન પડ્યા છે. આ વિસ્તારના યુવા નેતા અજય શિયાળ દ્વારા રાજ્યના મુખ્ય સચિવ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને પત્ર લખતા જણાવ્યું હતુ કે રાજુલા ખાતે આવેલા સિવિલ હોસ્પિટલમાં બે વેન્ટિલેટરો હોસ્પિટલનાં નવીનીકરણથી આજદિન સુધી ઓપરેટરના અભાવે કાર્યરત નથી. તેનાં કારણે વેન્ટિલેટરની જરૂરીયાત વાળા દર્દીઓને અન્ય શહેરોમાં જવું પડે છે.

જયારે રાજુલા સિવિલ હોસ્પિટલમાં હાલમાં આ વેન્ટિલેટરો બિન ઉપયોગી પડ્યા છે. આ માટે આ વિસ્તારના ધારાસભ્ય, પૂર્વ કૃષિમંત્રી, સહિતના આગેવાનો દ્વારા તંત્ર અને સરકારને રજૂઆત કરી છે તેમજ ટ્વીટરનાં માધ્યમથી અમો દ્વારા અવારનવાર આ અંગે આપને તથા સ્થાનિક તંત્રને રજૂઆત કરી હતી પરંતુ હાલની પરિસ્થિતિ જોતા આપના વિભાગો દ્વારા આ અંગે ગંભીરતાપૂર્વક નોંધ લેવામાં આવી નથી તેવું લાગી રહ્યું છે જે બાબત ખૂબ દુઃખદ કહી શકાય કે હાલની મહામારીમાં વેન્ટિલેટર ઉપલબ્ધ હોવા છતાં આપના વિભાગ દ્વારા તેમને કાર્યરત કરવા માટે યોગ્ય કાર્યવાહી નથી કરવામાં આવી.

હાલની પરિસ્થિતિમાં આ ૨ વેન્ટિલેટર કાર્યરત કરવામાં આવે તો જરૂરિયાતવાળા દર્દીઓને ઉપયોગી નિવડશે અને કોઇનો જીવ બચી શકશે. ત્યારે માનવતાના ધોરણે રાજુલા સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ બે વેન્ટિલેટર વહેલામાં વહેલી તકે કાર્યરત કરવામાં આવે તેવી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્યને તથા સરકારને રજૂઆત કરી હતી.(૧૪.૨)

# આટકોટમાં તંત્ર બેદરકાર બન્યુંઃ વરસાદી પાણીના કારણે લોકો હેરાન



### વિસ્તારના રોડ નીચાણવાળા બની જતા લોકોના ઘરમાં પાણી ભરાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)
આટકોટ,તા.૨૯

આટકોટ વરસાદ તંત્રની પોલ ખુલી ગય શેરીઓમાં પાણી ભરાયા લોકોને ચાલવું મુશ્કેલી બન્યું પહેલા માવઠાં બાદ નવા બનાવેલ રોડ ઉચો લેતા હાઇસ્કુલ રોડ નું કામ ટૂંક સમયમાં બનતા શેરીના રોડ નીચાણવાળા બની જવાથી બધી શેરીઓમાં પાણી ભરાયાં લોકોને ચલાવામાં ઘણી મુશ્કેલઓ ઉભી થઇ છે નીચાણ વાળા મકાનો માં પણ પાણી ઘૂસ્યા છે.(૧૪.૪)

# રમાબેન હેરભાનો આજે જન્મદિવસ



રાજકોટઃ સેન્ટ ગાર્ગી સ્કૂલના સંચાલક અને લાયન્સ કલબના મેમ્બર રમાબેન હેરભાનો આજે જન્મદિવસ છે. આજે તેમના જન્મદિવસ પર કોર્પોરેટરો, ધારાસભ્યો, સાંસદ સહિતના મહાનુભાવો મો.નં.૯૮૨૫૫૯૦૨૧૩ ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. રમાબેન હેરભાના આજે જન્મદિવસ પર 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...

# નાના બાળકો દ્વારા સ્વાસ્થ્ય હિતાર્થ સંદેશો અપાયો



### માસ્ક સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા સૂચવેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ દેશભરમાં કોરોના મહામારી એ માઝા મુકી છે. ત્યારે માસ્ક સોશ્યલ ડિસ્ટન્ટ એ મુખ્ય થઈ જવા પામ્યું છે. નાના મોટા સૌ હાલ માસ્ક મા જોવા મળી રહયા છે.અહીં નાના બાળકો પોતાનો સંદેશ પણ માસ્ક રૂપી સ્વસ્થ રહેવા આવી રમત સાથે સ્વાસ્થ્ય હિતાર્થ માટે જરૂરી છે.(૧૪.૩)

# શહેર કોંગ્રેસના પૂર્વ મહામંત્રી સરલાબેન પાટડીયાનો આજે જન્મદિવસ



રાજકોટ : શહેર કોંગ્રેસના પૂર્વ મહામંત્રી સરલાબેન પાટડીયાનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસ પર મો.નં.૯૮૨૪૭ ૩૫૪૮૧ પર શુભેચ્છાનો ધોધ વહી રહ્યો છે. સરલાબેનના જન્મદિવસ પર સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી શુભકામનાઓ....

# બગસરા પંથકમાં ભારે પવન સાથે વરસાદથી ખેતીપાકોને નુકસાન



(અમારા પ્રતિનિધિ દ્વારા) અમરેલીઃ બગસરા પંથકમાં સવારથી બફારો શરૂ થતા સાંજના સમયે બફારા બાદ પવન સાથે કમોસમી વરસાદ પડયો હતો. જેમાં ખેતી પાકને નુકસાન થયું હતું. છેલ્લા ચાર દિવસ થયા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં અલગ- અલગ જગ્યાએ વરસાદ પડયો હતો. ત્યારે બગસરા પંથકમાં આસપાસનો ગામડાઓમાં આ કોરોનાની મહામારી વચ્ચે પણ કમોસમી વરસાદ પડયો હતો. ખેતીના પાકમાં નુકસાન જોવા મળ્યું હતું.

# ઉદયનગરમાં બિલ્ડીંગના પાંચમાં માળેથી પરિણીતાનું પડતું મૂકી આપઘાત

### ખરાબ સપના આવતા હોવાથી ઊંઘ પુરતી મળતી ન હોવાથી પગલું ભર્યાનું ખુલ્યું : બે સંતાનો માતા વિહોણા બન્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

શહેરના મવડી ચોકડી પાસે ઉદયનગરમાં રહેતી ૩૩ વર્ષીય પરિણીતાએ ઘર નજીક આવી નવી બની રહેલી બિલ્ડીંગના પાંચમાં માળેથી ઝંપ લાવી જિંદગી ટુકાવી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મવડી ચોકડી પાસે ઉદયનગર-૦૨ માં રહેતી સ્મિતાબેન મનોહરસિંહ ગોહિલ નામની ૩૩ વર્ષીય પરિણીતાએ ખરાબ સ્વપનોથી કંટાળી જીને અને ઉંઘ પૂરી થતી ન હોવાથીઘર પાસે નવી બની બિલ્ડીંગના પાંચમાં માળે ગયા બાદ નીચે ઝંપ લાવી લઇ આપઘાત કરી લેતા કૌટુમ્બિકજનોએ રાડારાડી કરી મૂકી હતી.

તાકીદે સ્થાનિક લોકોએ ભેગા મળી ૧૦૮ ને જાણ કરી હતી. પરંતુ ઇમેએટી સર્જના મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. માલવિયાનગર પોલીસ સ્ટેશનના ગીતાબેન પંડ્યાએ મૃતદેહને પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૂળ ધ્રાંફાના સ્મિતાબેનના લગ્ન નવેક વર્ષે પહેલા રાજકોટના ઉદયનગર-૦૨ માં રહેતા અને સિલાઈ મશીનની દુકાન ચલાવતા વિજયસિંહ ઉર્ફે મનોહરસિંહ ગોહીલ સાથે થયા હતા. જેના ફળ સ્વરૂપે સંતાનમાં એક પુત્ર અને એક પુત્રની પ્રાપ્તિ થઈ હતી.

# અમરેલીમાં સેવાભાવી લોકોની અદ્ભૂત સેવા

### જીવના જોખમે સેવા આપી રહ્યા છે, લોકો સહકાર આપે



(અમારા પ્રતિનિધિ દ્વારા)
અમરેલી તા.૨૯

આજે સેવા કરતા લોકો અને સંસ્થાઓ બીમારી સામે લડવા માટે તન મન અને ધન પણ લગાવ્યું છે, અઢળક મુશ્કેલીઓનો સામનો કરી અને આ બીમારીમાંથી લોકોને બચાવવા માટે જીવનાજોખમે અને પૈસાના અભાવે પણ એક મજબૂત સેવાની ભાવનાથી, સેવા કાર્યો અને પોત પોતાની રીતે જાતે ઉભી કરેલ વ્યવયસ્થાઓને આજે માણસોના સ્વાર્થી અને લાલચુ સ્વભાવે બ્રેક મારવાની શરૂઆત થઈ ગઈ છે. જયારે નિસ્વાર્થ જીવના જોખમે સેવા કરતા લોકો થકી જાય તો આ કાર્યને રોક લાગશે. લોકોને વિનંતીકે આ સેવાભાવી લોકો અને સંસ્થાઓને સહકાર આપો, તેને મદદના કરો તો કંઈ નહીં પણ આ લોકોના મનોબળને હાનિ થાય એવા કાર્યો ના કરીએ તો પણ આપણી મોટી સેવા છે. તો દરેક લોકોને બે હાથ જોડીને વિનંતી કે આ લોકો અને સંસ્થાઓને ના થકાવો, આ લોકો થાકી જશે તો હવે કોઈ બીજું નથી આપણને મદદ કરવા સેવા કરતા દરેક સેવાભાવી સંસ્થાઓ અને લોકોને અત્યારે ઘણા ખરાબ અનુભવો થઈ રહયા છે.

## લગ્નને કોરોનાનું ગ્રહણ
# રાજકોટમાં ૧૦૦૦થી વધુ લગ્ન પાછા ઠેલાયા



### હોલ-વાડી,પાર્ટી પ્લોટના બુકિંગ રદ થયા, આમંત્રણ આપ્યા તેને ફોન કરીને ના કહી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૯

કોરોનાની બીજી લહેરને કારણે લગ્નમાં માત્ર ૫૦ લોકોને જ હાજર રાખવાની મંજૂરી મળતા રાજકોટમાં ૧ હજારથી વધુ લગ્નપ્રસંગ પાછા ઠેલાયા છે. જેમના પરિવારમાં લગ્ન લેવાયા હતા તે યજમાનોએ બધી તૈયારી કરી લીધી હતી આમંત્રણ પત્રિકાઓ પણ આપી દીધી હતી, પરંતુ હવે તે બધા ફોન કરીને લગ્ન પાછા ઠેલાયા હોવાની જાણ કરી રહ્યા છે. લગ્ન મોકૂફ રહેતા વાડી, પાર્ટી પ્લોટ, હોલના બુકિંગ રદ થઇ રહ્યા છે. ઈવેન્ટ મેનેજમેન્ટના સંચાલક આનંદભાઈ સોનીએ જણાવ્યું હતુ કે, રાજકોટમાં મર્યાદિત લોકોને જ મંજૂરી મળતા કેટલાક લોકોએ તો બીજા શહેરમાં જઇને લગ્ન કરવાના આયોજન કર્યા હતા, પરંતુ ત્યાં પરિસ્થિતિ ખરાબ થતા તે આયોજન પણ નિષ્ફળ રહ્યું હતું. શાસ્ત્રી રમેશભાઈ પંડ્યાએ જણાવ્યું હતુ કે, ૨૪ એપ્રિલથી લગ્ન મુહૂર્ત શરૂ થતા હતા મે માસના એક બે દિવસને બાદ કરતા આખો મહિનો લગ્નના મુહૂર્ત હતા. હાલની પરિસ્થિતિ જોઇને એપ્રિલ મહિનાના તમામ મુહૂર્તના લગ્ન મોકૂફ રહ્યા છે. ગત વર્ષે પણ લોકડાઉન હતું. ત્યારે જેના પરિવારમાં લગ્ન હતા તેમણે નવેમ્બર ડિસેમ્બરમાં આયોજન કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ ત્યારે પણ કોરોના નડી ગયો હતો. તેથી કેટલાક યજમાનોએ ઘર મેળે લગ્ન કરી લીધા હતા. પરંતુ જેમને ધામધૂમથી લગ્ન કરવા હતા તેને વધુ થોડો સમય રાહ જોવાનું નક્કી કર્યું હતું અને એપ્રિલ મે માસનું લગ્ન મુહૂર્ત નક્કી કર્યું હતું. તેવામાં મર્યાદિત લોકોને જ મંજૂરી મળતા જે યજમાનોને આટલી સંખ્યામાં લગ્ન કરવાનું પસંદ નથી તેઓએ ફરી વખત લગ્ન મે માસ પછી આવતા મુહૂર્તમાં લેવાનું નક્કી કર્યુ છે.આમ,કેટલાક કિસ્સામાં તો બે વખત લગ્ન મોકૂફ રહ્યા છે. એક વર્ષમાં ૫ મુહૂર્ત રદ થયા છે.

## સમય સારોને ખરાબ દરેકના જીવનમાં આવે જ છે , હિંમત ન હારે તેઓ જ સફળતા ને દ્વાર પહોંચે છે

# યુવાનની બંને કિડની ફેલ છતાં કોરોના સામે ૬ દિવસમાં જંગ જીત્યો

## વેન્ટિલેટર પરથી બહાર આવીને સાજા થઈ રજા લેનાર રમેશચંદ્ર પાઠકનો કિસ્સો રે ઓફ ધી રેર


(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

### સિવિલમાં દર્દીઓને મારી નાખે એ વાત ખોટી હોવાનો પરિવારે અનુભવ કર્યો

સુરત.તા.૨૯

સુરત સિવિલ હોસ્પિટલમાં બન્ને કિડની ફેલિયર અને અઠવાડિયામાં બેવાર ડાયાલિસિસ કરાવતા દર્દીને ૬ દિવસની સારવાર બાદ સાજો કરી રજા અપાઈ છે. નવાઈની વાત એ છે કે, વેન્ટિલેટર પરથી બહાર આવીને સાજા થઈ રજા લેનાર રમેશચંદ્ર પાઠકનો કિસ્સો રે ઓફ ધી રેર હોવાનું ડોક્ટરો કહી રહ્યા છે. એટલું જ નહીં, પણ દર્દીની જાગૃતિ અને સમયસરની સારવારને લઈ તેને સાજો કરવામાં ડોક્ટરોને ઘણી મદદ મળી હોય એમ કહી શકાય છે. રમેશચંદ્ર પાઠક અને તેમના પરિવારે ડોક્ટરોનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે નવું જીવન મળ્યું છે, સિવિલના ડોક્ટરોને ક્યારેય નહીં ભૂલીએ, ખાનગી હોસ્પિટલના ભાવ સાંભળીને જીવવાની આશા જ છૂટી ગઈ હતી. સિવિલમાં દર્દીઓને મારી નાખે એ વાત સદંતર ખોટી હોવાનો અનુભવ જાતે કર્યો છે. ડોક્ટરોએ સારવારમાં ધ્યાન ન આપ્યું હોત તો પરિવાર આજે ચોધાર આંસુએ રડતો હોત.

અવધેશ પાઠક (દર્દીના નાના ભાઈ)એ જણાવ્યું હતું કે આખો પરિવાર ખૂબ જ આનંદમાં છે. આજે જ રજા આપવામાં આવી. વતન યુપી અયોધ્યા સુધી તમામ ખુશ છે. ઘરે આવ્યા બાદ ભાઈ રમેશચંદ્ર પાઠક મોબાઈલ ફોન પર વતન પરિવાર સાથે વાત કરતા થાકતા જ નથી. ૨૧ એપ્રિલે છ્ઠ-ડ઼ઈછ રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ કિડની સ્પેશિયાલિસ્ટ તબીબે લોહી ચઢાવવાની સલાહ આપી હતી. ત્યાર બાદ એક ખાનગી હોસ્પિટલમાં એક બોટલ લોહી ચઢાવ્યા બાદ અચાનક શ્વાસની તકલીફ ઊભી થતાં સીટી સ્કેન કરાવ્યું હતું, જેમાં કોરોના ઈન્ફેક્શન ૨૫ ટકા જેટલું દેખાતાં તાત્કાલિક ડોક્ટરે દાખલ થવાની સલાહ આપી હતી. જોકે ખાનગી હોસ્પિટલના ભાવ (પેકેજ) સાંભળી ભાઈએ તો જીવવાની આશા જ છોડી દીધી હતી. . ડાયાલિસિસ પર હતો. તાત્કાલિક બે દિવસ બાયપેપ પર રાખવાની ફરજ પડી હતી. બે વાર ડાયાલિસિસ કરાવવા પડ્યા હતા. એની સાથે ૫ દિવસ રેમડેસિવરનાં ઈન્જેક્શન, સ્ટિરોઇડ સાથે વેન્ટિલેટર પર રાખ્યા હતા, જ્યાંથી ઓક્સિજન આવવું એટલે રેર ઓફ ધી રેર કેસ કહી શકાય છે.

## સિવિલના ડો.નેહા વર્મા બે-બે વખત કોરોનાને માત આપી ફરજ પર

સુરત.તા.૨૯

નવી સિવિલના મેડિસીનમાં સેકન્ડ યરમાં અભ્યાસ કરતા ૨૬ વર્ષીય રેસિડેન્ટ ડો.નેહા વર્મા દર્દીઓની સેવા દરમિયાન કોરોના સંક્રમિત થયાં બાદ ૧૦ દિવસમાં કોરોનાને મ્હાત આપી ફરી ફરજ પર જોડાઈ ચૂક્યા છે. મૂળ યુપી પ્રયાગરાજના વતની ડો.નેહા પરિવારથી દૂર રહી સુરત સિવિલમાં ફરજ બજાવી રહ્યાં છે.

તેમણે જણાવ્યું કે, ગઈ ૫મી એપ્રિલે મને શરીરમાં સામાન્ય નબળાઈ



સાથે તાવ અને માથાનો દુઃખાવો શરૂ થયો હતો.

### ૧૦ દિવસની સારવાર બાદ સ્વસ્થ થઈને સેવામાં લાગ્યા

રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ નવી સિવિલમાં સારવાર માટે દાખલ થઈ. ઓક્સિજન લેવલ નોર્મલ હતું, ચાર દિવસમાં જ રિકવરી જણાઈ, જેથી સારવાર કરતાં તબીબોએ આઈસોલેશનમાં રહી સારવાર લેવા જણાવ્યું, જેથી શ્વાસ લેવામાં કે અન્ય કોઈ સમસ્યા ન હોવાથી ૬ દિવસ આઈસોલેટ થઈને સારવાર મેળવી. કુલ ૧૦ દિવસની સારવાર લીધા બાદ સંપૂર્ણ સ્વસ્થ થઈ અને રિપોર્ટ પણ નેગેટિવ આવી ગયો એટલે ફરજ પર હાજર થઈ ગઈ છું. તેમણે જણાવ્યું કે, હું જુલાઈ-૨૦૨૦માં પણ કોરોના સંક્રમિત થઈ હતી. વધુમાં જણાવ્યું કે, પોઝિટિવ આવો ત્યારે પોઝિટિવ અભિગમ રાખીશું તો ઝડપથી સ્વસ્થ થઈ શકાય છે. ગંભીર રોગ હોય તેની સામે લડવાની તાકાત મનોબળ આપે છે.

### નાગપુરના કોરોનાગ્રસ્ત દંપતીને ૧૯૮ હોસ્પિટલમાં જગ્યા ન મળી તો સુરત આવ્યું,૧૦ દિવસમાં સાજુ થયું

## સુરતમાં પોઝિટિવ કેસનો આંક ૧૧૦૮૯૦ પર પહોંચ્યા

### શહેર જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૨૨૪૨૨ થઈઃ મૃત્યુઆંક ૧૭૧૭ અને કુલ ૮૬૭૫૧ દર્દી રિકવર થયા

સુરત.તા.૨૯

કોરોનાની બીજી વેવમાં કોરોનાના કેસમાં વધારો થયો છે. છેલ્લા ઘણા દિવસોથી ૨૦૦૦થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, સુરત શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો આંક ૧૧૦૮૯૦ પર પહોંચી ગયો છે. આ સાથે શહેર જિલ્લામાં કોરોનાથી મૃત્યુઆંક વધીને ૧૭૧૭ થયો છે. ગત રોજ શહેરમાંથી ૧૬૨૦ અને જિલ્લામાંથી ૪૭૦ કોરોના દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. આ સાથે અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં ૮૬૭૫૧ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થઈ ચુક્યા છે.

કોરોનાની બીજી વેવ આવી ત્યારથી એપ્રિલ મહિનામાં દરરોજ નોંધાતા નવા કેસોમાંથી અઠવા ઝોનમાં કેસ વધુ જોવા મળતા હતા. હવે રાંદેર ઝોનમાં નવા કેસોનો જાણે રાફડો ફાટ્યો હોય તેમ રોજ કેસ વધી રહ્યા છે. આ સિવાય સેન્ટ્રલ ઝોનમાં ૧ દિવસમાં નવા ૧૭૫ કેસ, વરાછા-એ ઝોનમાં ૧૭૮ કેસ, વરાછા-બી ઝોનમાં ૧૮૭ કેસ, કતારગામ ઝોનમાં ૨૩૧ કેસ, લિંબાયત ઝોનમાં ૧૪૫ કેસ અને ઉધના ઝોનમાં ૧૮૩ કેસ નોંધાયા છે.

અઠવા ઝોનમાં અત્યાર સુધી કુલ ૧૬૯૫૧ કેસ, રાંદેરમાં ૧૪૫૨૫ કેસ, કતારગામ ઝોનમાં ૧૨૩૪૮ કેસ,



વરાછા-એમાં ૯૧૮૩, વરાછા-બીમાં ૮૨૩૫ કેસ, લિંબાયતમાં ૮૭૮૪ કેસ, સેન્ટ્રલ ઝોનમાં ૮૬૭૭ કેસ અને ઉધના ઝોનમાં ૮૧૬૯ કેસ નોંધાયા છે. શહેરમાં ૪૬૨૩૦ લોકો પોઝિટિવ આવ્યા બાદ હોમ ક્વોરન્ટાઈન છે જેમને ફોન કરીને તથા ઘરે જઈને આરોગ્ય વિભાગ સારવાર આપી રહ્યું છે. શહેરના કુલ ૩૮૩૮ દર્દી હોસ્પિટલોમાં દાખલ છે.

## જામનગરમાં રિલાયન્સ ૧૦૦૦ બેડની કોવિડ હોસ્પિટલ ઊભી કરશે

### ૪૦૦ બેડની ક્ષમતાની શરૂઆત બાદ વધુ ૬૦૦ બેડ સાથેની સંપૂર્ણ ૧૦૦૦ બેડની ક્ષમતા ધરાવતી હોસ્પિટલ બનતી ત્વરાએ ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરીને રિલાયન્સ એકાદ સપ્તાહમાં શરૂ કરવા પૂર્ણ પ્રયાસરત રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૯

મુખ્યમંત્રી એ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી સાથે વાતચીત કરીને જામનગરમાં ૧૦૦૦ બેડની ક્ષમતા સાથે ઓક્સિજન વ્યવસ્થા ધરાવતી કોવિડ હોસ્પિટલ શરૂ કરવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના અનુરોધનો ત્વરિત પ્રતિસાદ આપતાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ગુજરાતમાં કોરોના સંક્રમણની મહામારીની વિપદામાં જનતા જનાર્દનની સેવામાં સરકાર સાથે રિલાયન્સ પરિવાર પણ પડખે ઊભો છે તેની ખાતરી આપી હતી. તેમણે મુખ્યમંત્રીની અપિલ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના સામાજિક ઉત્તરદાયિત્વ રૂપે જામનગરમાં ૧૦૦૦ બેડની ક્ષમતા સાથેની ઓક્સિજન સુવિધાઓ સહિતની હોસ્પિટલ બનાવવા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના અધિકારીઓને સૂચનાઓ પણ આપી છે.

મુકેશ અંબાણીએ મુખ્યમંત્રીને એમ પણ જણાવ્યું કે, આગામી રવિવાર સુધીમાં ૪૦૦ બેડની હોસ્પિટલ તો ઓક્સિજન સુવિધાઓ સાથે જામનગરમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા શરૂ કરી દેવાશે. ત્યારબાદ વધુ ૬૦૦ બેડની ક્ષમતા સાથેની હોસ્પિટલ શરૂ કરવાનું ઇન્ફ્રાસ્ટ્રકચર સહિતનું નિર્માણ કાર્ય બનતી ત્વરાએ હાથ ધરીને ૧૦૦૦ બેડની સંપૂર્ણ ક્ષમતા સાથેની હોસ્પિટલ એકાદ સપ્તાહમાં શરૂ કરવા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સંપૂર્ણતઃ પ્રયાસરત રહેશે.મુખ્યમંત્રીએ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેનને જણાવ્યું કે આ હોસ્પિટલ માટે જરૂરી માનવબળ પુરૂં

### માનવબળ પુરૂં પાડવામાં રાજ્ય સરકાર સહયોગ આપશે

પાડવામાં રાજ્ય સરકાર રિલાયન્સને મદદરૂપ બનશે. અન્ય સાધન-સામગ્રી, ઇક્વિપમેન્ટસ અને આનુષાંગિક સુવિધાઓ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ આ હોસ્પિટલ માટે ઊભી કરશે.

## પતિને કોરોના થયો હોવા છતાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસર ડો. વાસંતીબેન સોલંકી

### એક પણ દિવસની રજા રાખ્યા વગર સંપૂર્ણ નિષ્ઠાથી કામ કરતા સરધાર આરોગ્ય કેન્દ્રના ૧૩ કર્મચારીઓ

રાજકોટ, તા. ૨૯

રાજકોટ જિલ્લાના સરધાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. વાસંતીબેન સોલંકીના પતિને કોરોના થયો હોવા છતાં તેઓ એક પણ દિવસની રજા લીધા વગર તેમની ફરજો નિયમતિ બજાવે છે. તેમના ઉપરાંત અન્ય ૧૩ કર્મચારીઓ ઓ.પી.ડી., એન્ટીજન ટેસ્ટ, વેકસીનેશન ઉપરાંત રોજીંદી આરોગ્યલક્ષી કામગીરી સુપેરે સંભાળી રહયા છે. કોરોનાની વૈશ્વિક મહામારીને નાથવા માટે રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ વધુ સઘન બનાવીને નાગરિકોને કોરોનામુકત કરવાના ભરપુર પ્રયાસો થઇ રહયા છે. રાજકોટ જિલ્લાના સરધાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૩ કર્મચારીઓ એક પણ દિવસની રજા રાખ્યા વગર સમર્પણભાવે તેમની કામગીરી કરી રહયા છે. આ કેન્દ્ર ખાતે આજના દિવસે ૧૯૭ ઓ.પી.ડી. નોંધયેલ છે. કુલ ૫૭ વ્યક્તિઓને કોરોનાની વેકસીન અપાઇ છે. અને આજે ૧૫૬ એન્ટીજન ટેસ્ટ કરાયા છે, જે પૈકી ૨૯ વ્યક્તિઓ પોઝિટિવ જણાતાં તેમને કોરોનાની



દવાની અને આઇસોલેશન કીટ આપવામાં આવી છે. આજે પોઝિટિવ આવેલા તમામ દર્દીઓ કોરોનાના હળવા લક્ષણો ધરાવતા હોવાથી એક પણ દર્દીને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવાની જરૂર નથી પડી, તેમ ડો. વાસંતીબેને જણાવ્યું હતું.

## સમરસમાં પુસ્તક પરબ - હકારાત્મક વિચારોની સરવાણીનો પ્રારંભ

### હકારાત્મક પુસ્તકોથી દર્દીઓમાં પોઝિટિવ ઉર્જાનો સંચાર થશેઃ નીલધારા રાઠોડ

રાજકોટ તા. ૨૯

કોરોનાના દર્દીઓને ઓકિસજનની સારવાર સાથોસાથ હકારાત્મક વિચારથી મનોબળ મજબૂત બને તે માટે સમરસ ડેડીકેટેડ કોરોના હેલ્થ કેર સેન્ટર ખાતે પુસ્તક પરબ શરુ કરાયું છે. ૬૦૦ થી વધુ વિવિધ કેટેગરીના પુસ્તકો દર્દીઓમા નવી હકારાત્મક ચોક્કસ ઉર્જા પુરી પાડશે તેમ જણાવે છે પુસ્તક પરબના પ્રણેતા અને સાઈકિયાટ્રીક સોશિયલ વર્કર અને સમરસ ખાતે એમ.એસ. ડબ્લ્યુ ટીમના હેડ નીલધારા રાઠોડ. અમદાવાદ સિવિલ કોવીડ હોસ્પિટલ ખાતે એક વર્ષથી વધુ સમય સેવા આપી ચૂકેલ નીલધારા સમરસ ખાતે પુસ્તક પ્રયોગ શરુ કરવા અંગે જણાવે છે કે, સમરસ ખાતે દર્દીઓને મનોવજ્ઞાનિક હૂંફ પુરી પાડવા આ પૂર્વે વિડીયો કોલિંગ અને કાઉન્સેલિંગની સુવિધા શરુ કરવામાં આવી હતી. દર્દીઓમાં નિરાશા કે નકરાત્મક ભાવ ન આવે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અમે જિલ્લા કલેકટર રેમ્યા મોહનને પુસ્તકોથી હકારાત્મક વિચારોમા દર્દીઓને ગુંથાયેલા રાખવાની વાત કરી. જેનો કલેક્ટર તેમજ અધિક કલેકટર મેહુલ દવેએ હકારાત્મક પ્રતિભાવ આપતા સમરસ ખાતે પ્રાંત અધિકારીશ્રી ચરણસિંહ ગોહિલ અને ડોક્ટર્સ દ્વારા અમારી ટીમે આ કાર્ય શરુ કર્યું.

અમદાવાદની મેન્ટલ હેલ્થ ફોર સિવિલ (પી.એસ.ડબલ્યુ), અર્પણ નાયક તેમજ સંસ્થાઓ અને દાતાઓ દ્વારા ભેટ આપવામાં આવેલી આ બુક્સ રાજકોટ સિવિલ ખાતે તેમજ સમરસ ખાતે લાવવામાં આવી છે. આધ્યાત્મિક, ધાર્મિક , પોઝિટિવ થીંકીંગ, નવલકથા અને વાર્તાઓની વિવિધ પુસ્તિકાઓ અમે દર્દીઓની રસરુચિ મુજબ પુરી પાડીએ છીએ, તેમ નીલધારા જણાવે છે.



### એમ.એસ.ડબલ્યુ. ની ટીમ દ્વારા નવતર પ્રયોગ : ૬૦૦ થી વધુ પુસ્તકો દ્વારા દર્દીઓને સકારાત્મક વિચારોની સાથે મનોવજ્ઞાનિક સધિયારો

દર્દીઓ તેમનો સમય અન્ય વિચારોમાં પસાર કરતા હતા તેને બદલે હવે તેઓ પુસ્તક વાંચનની પ્રવૃતિમાં જોડાઈ ગયા છે. પરિણામે તેમનું મન કોરોનાના વિચારોમાંથી બહાર આવી અન્ય દિશામાં વળ્યું છે, જેનાથી તેમની તબિયતમાં ઝડપી સુધારો આવશે તેવો આશાવાદ નીલધારા અને તેમની ટીમે વ્યક્ત કર્યો છે.

કહેવાય છે કે એક સારું પુસ્તક સો મિત્રની ગરજ સારે છે, ત્યારે અહીં તો ૬૦૦ થી વધુ પુસ્તકો દર્દીઓના સાચા મિત્ર બનવા જઇ રહ્યા છે. હાલ સમરસ ખાતે ડો. મેહુલ પરમાર, ડો. કેતન પીપળીયા, ડો. જયદીપ ભૂંડિયાની અધ્યક્ષતામાં ૧૦૦૦ થી વધુ દર્દીઓ કોરોના સામે લડત આપી રહ્યા છે ત્યારે પુસ્તકો સાથેનો મનોવૈજ્ઞાનિક પ્રયોગ સારવારમાં નવો આયામ પૂરો પાડશે, તેમ ચોક્કસ કહી શકાય.

## માત્ર એક મહિનામાં જ દક્ષિણ ગુજરાત વીજ કંપનીના ૨૧ કર્મચારીનો ભોગ લેતો કોરોના

### વીજ કંપનીના કર્મચારીઓની માનસિક સ્થિતિ પણ સતત કથળી રહી છે

સુરત.તા.૨૯

કોરોનાના ફફડાટ વચ્ચે પણ દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ ગ્રાહકોને સતત ૨૪ કલાક વીજપુરવઠો મળી રહે એ માટે કામગીરી કરી રહ્યા છે, પણ છેલ્લા ૨૦ દિવસથી કાળમુખા કોરોના વાયરસના સંક્રમણની અસર સતત વધતી જઇ રહી છે. પરિણામે, હાલમાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ કોરોના સંક્રમણ સામે ઝઝૂમી રહ્યા છે અને ૨૧ જેટલા કર્મચારીઓ તો મોતને ભેટ્યા છે.

ડેપ્યુટી ઇજનેર, ઇલેકટ્રિક આસિ., સિનિયર આસિ. સહિતના કર્મચારીઓ કોરોનાને કારણે મોતને ભેટયા છે. દક્ષિણ ગુજરાત વીજ કંપનીના પાલેજ, રાજપીપળા, વલસાડ, સુરત, સહિતના સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મોતનો ફફડાટ હોવાથી વીજ કંપનીના કર્મચારીઓની માનસિક સ્થિતિ પણ સતત કથળી રહી છે. આ સંજોગોમાં વીજ કંપની દ્વારા ૫૦ ટકા કર્મચારીઓ થકી કામ થઈ રહ્યું છે.

વીજ કંપનીના જે કર્મચારીઓ મોતને ભેટ્યા છે તેમનાં પરિવારજનોને હાલ મરણના દાખલા મેળવવા સહિતની સમસ્યાઓનો પણ સામનો કરવો પડી રહ્યો હોવાની અનેક ફરિયાદો ઊઠી છે. એટલું જ નહીં, પણ વીજ કંપનીના કર્મચારીઓને જો કોરોના નડે તો તેમના માટે હોસ્પિટલમાં દાખલ થવાની પણ



કોઇ અલાયદી વ્યવસ્થા ન હોય, કર્મચારીઓની નાજુક સ્થિતિ તંત્રએ સમજવી જરૂરી બની છે.

### ડો. હિતેશ ડાભી સહિત તમામ ૬ આરોપીને ૧ દિવસના રિમાન્ડઃ કેટલા રેમડેસિવિર ઈન્જેક્શનો વેચ્યા, અન્ય મોટા ડોક્ટરોની સંડોવણી જાણવા રિમાન્ડ

### સુરતમાં સ્કૂલ-હોસ્ટેલ આઈસોલેશન સેન્ટર બન્યા, ૬૦ને સારવાર

સુરતઃ કોરોના મહામારીમાં કામરેજના વલણ ગામમાં પતંજલિ સ્કૂલના સંચાલકોએ દર્દીઓની સેવા માટે સ્કૂલ કેમ્પસ અને હોસ્ટેલ બિલ્ડીંગને આઈસોલેસન સેન્ટરમાં ફેરવી છે. શાળા સંચાલક પ્રકાશ લહેરીએ જણાવ્યું કે,અત્યારે શૈક્ષણિક કાર્ય બંધ છે ત્યારે હોસ્ટેલ અને સ્કૂલનો સદુપયોગ થાય તે હેતુથી પ્રયાસ કર્યો છે. અમારી પાસે ખૂબ મોટી જગ્યા છે. ૬૦ જેટલા દર્દીને વ્યક્તિગત રીતે એક રૂમ ફાળવી છે. ચા પાણી નાસ્તો બે ટાઇમ જમવાનું તેમજ ડોક્ટરની ગાઈડલાઈન મુજબ દવા આપવામાં આવે છે.ઓક્સિજનની પણ સુવિધા છે.

## સુરતમાં કોરોનાની સારવાર દરમિયાન માતાનું

### દીકરાને જાણ થતાં સંજીવની હોસ્પિટલ પરથી છલાંગ લગાવી આપઘાત કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સુરતઃતા.૨૯

સુરત સંજીવની હોસ્પિટલમાં કોરોના વોરિયર્સ તરીકે સારવાર લઈ રહેલી માતાના નિધનની ખબર પડતાં જ પુત્રએ હોસ્પિટલમાંથી મોતની છલાંગ મારી આપઘાત કરી લીધો હોવાનો દુઃખદ બનાવ સામે આવ્યો છે. માતાના મૃત્યુ બાદ આપઘાત કરી લેનાર ૨૪ વર્ષીય નીરવ ધારાસભ્ય ઝંખનાબેનની ઓફિસમાં કામ કરતો હોવાનું સામે આવ્યું છે.

છાયાબેન છેલ્લા ૨૦ દિવસથી સંજીવની હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ તરીકે સારવાર લઈ રહ્યા હતા. એકના એક પુત્રના આપઘાતને લઈ પિતા શોકમાં ગરકાવ થઈ ગયા છે. લાજપોરગામના રહેવાસીઓ એ જણાવ્યું હતું કે, છાયાબેન ઉ.વ. ૪૫ (રહે લાજપોર ઘોડિયાવાડ) સચિનમાં બ્યુટી પાર્લર ચલાવતા હતા. એમના પતિ રાજુભાઇ લાજપોર સ્મશાન ગૃહમાં



### કોરોનાની સારવાર લેતા માતા બ્યુટી પાર્લર ચલાવતા અને પિતા સ્મશાનગૃહમાં કામ કરતા

કામ કરે છે. નીરવ એકનો એક દીકરો હતો. માતા-પુત્રના મોતને લઈ આખું ગામ શોકમાં ડૂબી ગયું છે.

વધુમાં જણાવ્યું હતું કે, છાયાબેનને કોરોના પોઝિટિવ આવ્યા બાદ તાત્કાલિક સુરતની સંજીવની હોસ્પિટલમાં દાખલ કરી દેવાયા હતા. જ્યાં ૨૦ દિવસની સારવાર બાર તેમનું આજે કરૂણ મોત નીપજ્યું હતું. આ બાબતની જાણ એમના પરિવારના એકના એક પુત્ર નીરવને કરાતાએ તાત્કાલિક હોસ્પિટલ દોડી આવ્યો હતો. માતાના મૃતદેહને જોઈ એણે પણ હોસ્પિટલમાંથી નીચે પડતું મૂકી મોતને વ્હાલું કરી લીધું હતું. નીરવનો માતા પ્રત્યેનો પ્રેમ જોઈ હોસ્પિટલનો સ્ટાફ પણ રડી પડ્યો હતો. તાત્કાલિક પોલીસને જાણ કરી દેતા પોલીસ દોડી આવી હતી.

વધુમાં ઉમેર્યું હતું કે, આ ઘટના લગભગ સાંજે ૭ વાગ્યાની હોય એમ કહી શકાય છે. એટલું જ નહીં પણ નીરવ ધારાસભ્ય ઝંખનાબેનની ઓફિસમાં કામ કરતો હોવાનું પણ સામે આવ્યું છે. હાલ છાયાબેનને કોવિડ ગાઈડ લાઈન મુજબ ટીમ વિધિ માટે લાજપોર સ્મશાન ગૃહમાં લઈ જવાની તૈયારી કરાઈ રહી છે. જ્યારે પુત્ર નિરવનું સવારે પોસ્ટ મોર્ટમ થાય ત્યારબાદ મૃતદેહ મળે પછી અંતિમ વિધિ કરાય તેવી શક્યતા છે.

## સુરતના અમરોલીમાં બેંગ્લોરની એન્જિનિયર યુવતી ઉપર બળાત્કાર

### યુવતીને મૂકી પ્રેમી મુંબઈ ફરારઃ લગ્નની લાલચ આપી સંબંધ બાંધ્યા હતા

સુરત.તા.૨૯

બેંગ્લોરની કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરતી ૨૪ વર્ષની યુવતીને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી યુવકે રેપ કર્યો હતો. યુવકના કારણે યુવતીએ બેંગ્લોરમાં સારી કંપનીમાં જોબ છોડી સુરત આવી હતી. ભાડેના મકાનમાં યુવતીને રાખી આરોપીએ પોતે મુંબઈ સેન્ટ્રલ ખાતે મોબાઇલનો ધંધો શરૂ કરી ત્યાં રહેવા લાગ્યો હતો.

આરોપી અઠવાડિયામાં ૩ દિવસ સુરતમાં યુવતી સાથે રહેતો હતો. યુવતીને લગ્નની લાલચ આપી જબરજસ્તી શરીર સંબંધ પણ બાંધ્યા હતા. એક વર્ષથી આરોપી રમેશ રઘુવીર માલી (રહે,મુંબઈ,મૂળ રહે,રાજસ્થાન) યુવતી સાથે અમરોલી છાપરાભાઠામાં ભાડેના મકાનમાં રહેતો હતો. છેલ્લા ૪ મહિનાથી યુવતીને મળવા પણ આવતો ન હતો અને તેનો નંબર બ્લોક કરી દીધો હતો. ઉપરથી યુવતીએ લગ્નની વાત કરી તો યુવકે તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેના કારણે યુવતીએ અમરોલી પોલીસમાં ફરિયાદ આપી હતી.

પોલીસે આરોપી રમેશ માલી સામે બળાત્કારનો ગુનો નોંધ્યો છે. આ મામલે વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આરોપીના ભાઈની બેંગ્લોરમાં મોબાઇલની દુકાન છે. જ્યાં યુવતી મોબાઇલનું રીચાર્જ અને રિપેરીંગ કરાવવા જતી હતી ત્યારે બન્નેની મુલાકાત થઈ હતી. આરોપી રમેશ માલીએ યુવતીને મુંબઈમાં મોબાઇલનો ધંધો શરૂ કરવાની વાત કરી બેંગ્લોરમાં સારી કંપનીમાંથી જોબ છોડાવી એક વર્ષ પહેલા સુરત લઈને ચાલી આવ્યો હતો.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# મોરારિબાપુનો વિવેક : આવી સ્થિતિમાં સન્માન ન હોય બાપ...!



## મોરારિબાપુની શ્રોતા વિહોણી રાજુલા રામકથા સંપન્ન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૨૯

વાત એમ બની કે મોરારીબાપુની કથા શ્રોતા વિહોણી રાજુલામાં સંપન્ન થવાનો છેલ્લો દિવસ હતો. કથામાં માત્ર ચાર-પાંચ જણ હાજર હતા. જેમાં બે વ્યક્તિતઓ અમેરિકાના યજમાન કાંતિભાઈના પરિવારના હતાં. બે વ્યક્તિતઓ આયોજકો હતાં. છેલ્લે દિવસે આયોજક અંબરીશ ડેર તથા સમિતીએ પ્રસ્તાવ મૂકયો કે અમારે આયોજકોએ યજમાન પરિવાર કાંતિભાઈ વાણંદનું સન્માન કરવું છે. ત્યારે મોરારિબાપુએ કહ્યું કે આવા સંજોગોમાં ભલે અહીંયા કોઈ નથી તોપણ આપણે સન્માન ન કરી ન શકીએ અને સ્વીકારી પણ ન શકીએ બાપ..! એટલું જ નહીં બાપુએ જયારે રૂપિયા ૧ કરોડની આપવાની જાહેરાત કરી ત્યારે તેઓ ભાવુક થઈને કહીં રહ્યાં હતાં કે આવી આપદ્ સ્થિતિમાં આપણે શું કરી શકીએ તો મનને ટાઢક મળે આ તો એક નાનકડું કામ છે. પરંતુ જે લોકો આ મહામારી સામે યોદ્ધાઓ થઈ લડી રહ્યાં છે તેમને સલામ કરવા જ રહ્યાં.

આવી સ્થિતિમાં આજે પણ કેટલાક લોકો પોતપોતાના દિન વિશેષ, નિમણૂંક, સન્માનો, ઉદ્ઘાટનના ફોટાઓ અપલોડ કરી રહ્યાં છે. ત્યારે મોરારીબાપુનો વિવેકએ માનવથી છ ફૂટ ઊંચો દેખાયો છે.

# ગોંડલમાં ગરાસિયા યુવાનની હત્યા, લાશ મળી





## પોલીસમાં નામ આપ્યાનો ખાર રાખી જોઈ લેવાની ધમકી આપનાર પાંચ શખ્સોની પોલીસે પૂછપરછ હાથ ધરીઃ રાજકોટમાં સ્પા ચાલવતા ગરાસીયા યુવાનની નિર્મમ હત્યા થતા પરિવારમાં કરૂણ કલ્પાંત

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટના નિર્મલા રોડ પર સ્પા ચલાવતા ગોંડલના ગરાસીયા યુવાનની હત્યા કરાયેલી લાશ ઉમરાડા ચોકડી પાસે ખેતરના કુવામાંથી આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ગરાસીયા પરિવારના એકના એક પુત્રની કોઈ અજાણ્યા ઈસમોએ હત્યા કરી લાશ કુવામાં ફેંકી દઈ નાસી જતા પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગોંડલમાં આવેલી સૈનિક સોસાયટીમાં રહેતી હિનાબા રાજેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ.૨૩) નામની ગરાસીયા યુવતીએ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેના પિતાનું ૨૦૧૨ માં બીમારીમાં અવસાન થયું હતું.

તે પરિવારમાં મોટી છે. તેનો નાનો ભાઈ અજયસિંહ ગજેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ.૨૧) રાજકોટમાં છેલ્લા છ મહિનાથી પંચાયત ચોક દ્વારકાધીશ રેસ્ટોરન્ટની બાજુમાં જસવંતભાઈ વાઘેલાના મકાનમાં ભાડે રહી નિર્મલા રોડ પર ડો.સંદીપ પાલા કોમ્પ્લેક્ષમાં ત્રીજા માળે ઘ વાઈન નામે સ્પા ચલાવે છે. ગત તા.૨૪/૪/૨૧ ના સાંજના સમયે અજયસિંહ જાડેજા ગોંડલ માતાને મળવા ગયા હતા. સાંજના આઠ વાગ્યે સોસાયટીમાં રહેતો સચિન ધડકનો ફોન આવેલ હતો અને ત્યારે અજયસિંહ નાઈટ ડ્રેસ પહેરીને પાનના ગલ્લે ગયો હતો.

રાત પરત ઘરે નહીં આવતા તેની માતાએ તેની બહેનને જાણ કરતા તે રાજકોટથી ગોંડલ દોડી જઈ ગોંડલ સીટી પોલીસમાં તેનો ભાઈ અજય ગુમ થવાની ફરિયાદ લખાવી હતી. ગઈ કાલે ૨૮/૪/૨૧ ના રાજકોટ ગોંડલ નેશનલ હાઈ-વે રોડ પર આવેલી આર.ટી.આઈ ના ઓવર બ્રિજથી ઉમવાડા ચોકડી તરફ જતા સર્વિસ રોડ પર આવેલ દિપકભાઈ બચુભાઈ ખુંટની વાડીના કુવામાં મોટા પથ્થર તથા દોરડા બાંધેલ હાલતમાં કોઈની લાશ મળી આવેલ હોવાની જાણ થતા મૃતક અજયસિંહની બહેન અને તેના કાકા અભેસિંગ ઉર્ફે અભયસિંહ દાનુભા જાડેજા ત્યાં જઈ તપાસ કરતા લાશ અજયસિંહ જાડેજાની હોવાનું ઓળખી બતાવ્યું હતું. પોલીસે લાશને પી.એમ અર્થે સરકારી

(અનુ.પાના નં.૪ ઉપર)

# હવે જન્મ-મરણના દાખલા માટે લાઇનમાં ઉભા રહેવું નહીં પડે

## ઓનલાઈન ડાઉનલોડ કરી શકાશે : રાજય સરકારનો મહત્વનો નિર્ણય, પરિજનોને કલાકો સુધી લાંબી કતારમાં ઉભા રહેવાની પીડામાંથી મુકતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

કોવિડના કપરા કાળમાં ગુજરાત સરકારે એક મહત્વનો નિર્ણય લઇને નાગરિકોને મોટી રાહત પ્રદાન કરી છે. જન્મ અને મરણના દાખલા લેવા માટે હવે કોઇના સ્વજનને લાઇનમાં ઉભા રહેવું પડશે નહીં. ઓનલાઇન જન્મ કે મરણ પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાય એ માટે ખાસ સુવિધા ઉભી કરવાનો રાજય સરકારે સંવેદન શીલ નિર્ણય લીધો છે.

રાજયના આરોગ્ય મંત્રાલય દ્વારા સરકારના નિર્ણય અંગે વિગતો જાહેર કરવામાં આવી છે. એ મુજબ ઓનલાઇન દાખલા ડાઉનલોડ કરી શકાય એ માટે આપના મોબાઇલ ફોન પર એસએમએસથી આ અંગેની લીન્ક મોકલવામાં આવશે. આ લીન્ક મારફતે પ્રમાણ પત્ર ડાઉનલોડ કરી શકાશે. મહાનગરોની મહાપાલીકા અને નગરપાલિકાઓમાં હાલ લોકોને દાખલા મેળવવા માટે લાંબી લાઇનમાં ઉભા રહેવું પડે છે. કોરોના સંક્રમણ ન થાય એ માટે હવે એ બારીઓ બંધ કરી દેવામાં આવી છે. હવે દાખલા રૂબરૂમાં નહીં અપાય. કામ ચલાઉ ધોરણે આ પ્રથા બંધ કરવામાં આવી છે.

બીજો એક પણ સારો નિર્ણય લેવાયો છે. તા.૧-૪-૨૦૨૧થી તા.૩૧-૭-૨૦૨૧ દરમ્યાન બનેલા કે બનનાર જન્મ કે મરણના બનાવો કોવિડ મહામારીની વિશિષ્ઠ સંજોગોને કારણે નિયત ૨૧ દિવસમાં નોંધાવી શકાયા ન હોય તેવા ૨૨ દિવસથી વધુ પરંતુ ૩૬૫ દિવસ સુધીના વિલંબિત જન્મ કે મરણના બનાવોની નોંધણી માટે એફીડેવીટ કરવામાંથી મુકતી આપવામાં આવી છે. ઉપરાંત વિલંબિત નોંધણી ફી પણ જતી કરવાનો નિર્ણય લઇ સરકારે લોકોને ઘણી રાહત આપી છે.

## કોરોના કાળમાં લોકોની પીડા પર તાગડધીન્નાનો નગ્ન નાચ

# રાજકોટની ફળ-શાક બજારમાં અસાધારણ રીતે ઉંચા ભાવો પડાવી લોકો સાથે ઉઘાડી લુંટ

## મનપા સહિતના તમામ વહીવટી વિભાગો મૌન, આવા ધંધાર્થીઓ પર તંત્ર ધોંસ બોલાવશે?, સફરજન એક પીસના રૂ.૫૦, મોસંબીના કિલો દીઢ રૂ.૧૨૦, એક નાળિયેરના રૂ.૭૦, આવી આકરી ભાવ સપાટી કોના કહેવાથી આ ધંધાર્થીઓએ નક્કી કરી, લોકોમાં જબરો દેકારો



રાજકોટના પ્રવૃતિઓથી ધમધમતા રહેતા રૈયા રોડ પરના મઢી ચોકનું આ દ્રશ્ય સામાન્ય દિવસોનું નથી. બલકે દિવસના કડક નિયંત્રણો લાગુ થયા પછીના આ દ્રશ્યો છે. એક નાળિયેરના પાથરણા વાડાએ વગર મંજુરીએ આખી જગ્યા ઘેરી લીધી છે અને તેના પાપે દિવસ ભર અહીં ખરીદી કરવા આપવતા લોકોની ભીડ જામે છે. અહીં દવાની બે મોટી દુકાનો આવેલી છે ત્યાં પણ લોકોને દવા ખરીદવા માટે કતારમાં ઉભા રહેવાનું હોય છે પણ આ પાથરણાવાડાએ જગ્યા ઘેરી લીધી હોવાથી દવા લેવા આવનારાઓ માટે પણ ઉભા રહેવાની પણ જગ્યા રહેતી નથી. મનપાની ટીમ અહીંથી પસાર થાય છે પણ એમને જગ્યાનું આ દબાણ દેખાતું નથી. ટ્રાફીક પોલીસ પણ આંખ આડા કાન કરે છે. રૂ.૧૦માં મળતું નાળિયેર હવે રૂ.૮૦માં વહેંચીને ધોળે દિવસે લોકોને લુંટી રહયો છે. મનપા તંત્ર જાગશે? તેમ લોકોમાં ચર્ચાઇ રહયું છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

રાજકોટ મહાનગરમાં કોરોના મહામારીએ સેંકડો પરીવારોના સ્વજનોને છીનવી લીધા છે અને બીજા સેંકડો દર્દીઓ જીવન બચાવવાનો સંઘષ કરી રહયા છે. આવા સંજોગોમાં રાજકોટમાં લોકોની પીડાનો ગેરલાભ ઉઠાવીને બેફામ નફાખોરી અને લુંટ ચલાવી રહેલા ફળ અને શાકભાજીના નાના-મોટા ધંધાર્થીઓની પાપ લીલા સામે શહેરીજનોમાં રોષનો જવાળા મુખી ફાટી પડયો છે. બેફામ રીતે ભાવ વધારી દેવામાં આવ્યા છે અને ખુલ્લી લૂંટ ચલાવવામાં આવી રહી છે છતાં સ્થાનિક તંત્ર અને પોલીસ મુક તમાશો નીહાળી રહયા છે અને દુર ઉભા રહેને તાળીઓ પાડી રહયા છે.

કેટલાક પ્રકારના સાઇટ્રીક ફ્રુટ એટલે કે મોસબી, નારંગી અને લીંબુના સતત સેવનથી કોરોનાના દર્દીઓને ફાયદો થતો હોવાના તબીબોના અભિપ્રાય બાદ દર્દીઓના પરિજનો આવા ફળની ખરીદી કરવા ઉમટી પડે એ સ્વભાવીક છે. આવા કપરા સંજોગોમાં પણ લારી-ગલ્લાઓ લઇને ઠેર-ઠેર નિકળી પડતા અને માર્ગો અને લત્તાઓમાં ઉભા રહેતા નફાખોરોએ ભાવ સપાટીને આસમાને પહોંચાડી દયાહિનતાનું એવું ઉદાહરણ રજૂ કર્યુ છે. જેની ટીકા કરવા માટે શબ્દો પણ ખુટી પડે છે. આટલી હદે નીચે ઉતરી ગયેલા આ ધંધાર્થીઓ લોકોની વેંદનાની આગ પર પોતાની નફાખોરીના રોટલા શેકી રહયા છે અને તંત્ર કોઇજાતના પગલા લઇ રહયું નથી યા લેવા માંગતું નથી.

અમુક ફળના ભાવ સાંભળશો તો તમને ચક્કર આવી જશે. એટલી હદે બેફામ અને બેકાબુ નફાખોરી કરવામાં આવી રહી છે જેનો કોઇ જોટો જડે તેમ નથી. અત્યારે સફરજનનો ભાવ છે કિલોના પુરા રૂ.૨૫૦... એટલે એક સફરજન હાથમાં લ્યો તો તેના રૂ.૫૦ ચુકવવા પડે છે. હવે આવો કોરોના દર્દીઓ માટે જરૂરી એવા ફળની આસમાને પહોંચેલી ભાવ સપાટી સંતરાના ભાવ છે કિલોના રૂ.૧૫૦ એ જ રીતે મોસબીનો ભાવ છે પ્રતી કિલો રૂ.૧૨૦ અત્યારે બજારમાં જે સંતરા મળે છે એ ભારતીય નથી પણ ઇજીપ્તથી આવી રહયા છે. એ જથ્થા બંધ વિકરેતાઓ પાસેથી રૂ.૧૦૦ના કિલો મળે છે પણ છુટક બજારમાં લારી-ગલ્લા વાળા કિલોના રૂ.૨૦૦થી વધુ પડાવી રહયા છે. સફરજનનો હોલસેલ ભાવ રૂ.૧૫૦ છે તો લારી-ગલ્લાવાળા રૂ.૨૫૦થી વધુ પડાવે છે.

કીવી ફ્રુટની સપાટી તો તમામ હદો પાર કરી ગઇ છે. કીવી જે પહેલા રૂ.૧૦૦૦માં મળતું તેના માટે હવે ગ્રાહકોએ કિલો દીઢ રૂ.૨૦૦૦ ચુકવવા પડી રહયા છે. આ રીતે ફળ બજારમાં હોલસેલ વેપારીઓ અને છુટક ધંધાર્થીઓ લોકોને બેહાથે લુંટી રહયા છે અને મનપાનું મૌન લોકો માટે એક રહસ્ય બનીને રહી ગયું છે.

નાળિયેરના ભાવ પણ તમરી ચડાવી દે તેવા છે. ચોરવાડ અને માંગરોડથી જથ્થાબંધ નાળીયેલ આવે છે. જે અત્યારે બજારમાં રૂ.૮૦ના ભાવે મળી રહયું છે. ઠેર-ઠેર જાહેરમાર્ગો પર અને મઢી જેવા ચોકમાં આવા છુટક ધંધાર્થીઓ નાળિયેરનો ખડકલો કરી બેસી ગયા છે અને લોકોની ભીડનું પણ કારણ બની ગયા છે અને એક નાળિયેરના રૂ.૮૦ જેવો ભાવ પડાવીને લોકોને સરેઆમ લુંટી રહયા છે. મનપાના વડા એટલે કે આ શહેરના પ્રથમ નાગરિક શિક્ષીત છે અને વર્તમાન પ્રવાહોથી વાકેફ રહેતા પદાધિકારી તરીકેનું માન ધરાવે છે. શું તેઓ મનપા તંત્રને જાગૃત કરશે ખરા તેવો સવાલ શહેરીજનોના હોઠ પર રમી રહયો છે.

# શહેરમાં વધુ એક હનીટ્રેપઃ ચાર મહિલા સહિત છ શખ્સોએ યુવાનને ફસાવ્યો

## આજીડેમ પાસે પટેલ યુવાનને ગોંધી રાખી રૂ. ૨.૫૦ લાખની ખંડણી માંગીઃ આરોપી પોલીસના સકંજામાં

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

શહેરના મોરબી રોડ પર આવેલા હડાળા ગામે પાસે મહિલાએ નેકનામના પટેલ યુવાનને બોલાવી અન્ય છ શખ્સોની મદદથી બળત્કારના કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી ચાર મહિલા સહિત છ શખ્સોએ રૂ.૨.૫૦ લાખની ખંડણી માંગી યુવાનને ગોંધી રાખ્યાની શહેરમાં વધુ એક હનીટ્રેપની ફરિયાદ નોંધતા આજીડેમ પોલીસે તપાસ હાથ ધરી ચાર મહિલા સહિત છ ખંડણી ખોરને સકંજામાં લઇ તપાસ હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ટંકારાના નેકનામ ગામે રહેતા અને ખેતી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા નીતિન મગનભાઈ દેત્રોજા (ઉ.વ.૪૭) નામના પટેલ યુવાને આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે રાજકોટના ચૂનારવાડ વિસ્તારમાં રહેતી જાનકી કનક કુંભાર નામની મહિલા તેના મોબાઈલ ફોનમાં ફોન કરી અંગત કામ હોવાનું કહીં મોરબી રોડ પર આવેલા હડાળા ગામના પાટીયા પાસે મળવા બોલાવ્યો હતો. નીતિન દેત્રોજા ગઈ કાલે પોતાનું બાઈક લઇ હડાળા ગામે આવ્યો હતો. ત્યારે જાનકી કુંભાર રીક્ષામાં ત્યાં આવી હતી. બાદમાં નજીકમાં તેના સંબંધીનું મકાન હોવાનું કહી ત્યાં જઈ વાતો કરી શું તેમ કહીં યુવાનને તેના બાઈક પાછળ બેસી જઈ તે મકાન ઉપર લઇ ગઈ હતી. થોડીવાર મકાનમાં બેઠા હતા ત્યારે એક જાડી મહિલા સહિત ત્રણ હડાળા ગામે જાનકીના મકાનમાં આવી યુવાનને ધમકાવી પોતે પોલીસ હોવાની ઓળખ આપી પોલીસ સ્ટેશન જઈ બળત્કારના કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી બાદમાં આજીડેમ ચોકડી પાસે ગોળાઈમાં આવેલા મોગલ માતાના મંદિર પાસે લઇ જઈ એક રૂમમાં પૂરી દઈ અન્ય લોકોને ફોન કરાવી રૂ.૨.૫૦ લાખની માંગણી કરી રૂપિયાની વ્યવસ્થા કરવાનું કહ્યું હતું. તે દરમ્યાન આજીડેમ પોલીસ મંથકના પી.આઈ વી.જે.ચાવડા, પી.એસ.આઈ એમ.એમ.ઝાલા સહિતનો સ્ટાફ પહોચી જતા પોલીસે મોગલ માતા મંદિર વાળી ગીતાભુઈ તથા જાનકી કનક કુંભાર, ઉવેશ ગજેરા, ગીતા, જીતુ, આશિષ. સહીત છ શખ્સોને સકંજામાં લઇ તપાસ હાથ ધરી કાર્યવાહી કરી હતી.

# આજે બપોર સુધીમાં ૧૪૧ કેસ નોંધાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)


રાજકોટ, તા.૨૯

આજે બપોર સુધીમાં ૧૪૧ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં રાજકોટમાં ૩૨૪૩૮ કેસ નોંધાયા છે. તેમજ અલગ અલગ હોસ્પિટલમાં ૪૨૭૫ દર્દી સારવાર હેઠળ છે. ગઇકાલે ૬૯૨ દર્દી કોરોનામુક્ત થતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. લોકોની જરૂરિયાત અને ફેક્ટરીની કેપેસિટી જોતા ૩૦ ટન જથ્થા સુધી કામ થઈ શકે છે. પણ હાલ અછત હોવાથી ૧૨ ટન આવે છે. લોકો પણ સિલિન્ડર માટે નવા અને જોખમી પેંતરા કરી રહ્યા છે ઘણા લોકો સોડા માટેના ગેસના બાટલા(કાર્બન ડાયોક્સાઈડ), નાઈટ્રોજન, હાઈડ્રોજન, આર્ગન જેવા વાયુ ભરવાના બાટલા લઈને આવે છે. તે ધ્યાને આવતા તુરંત જ તેને ના પાડી દેવાય છે કારણ કે, આવા બાટલામાં ઓક્સિજન જાય અને બંને વાયુ મિક્સ થાય તો દર્દીનો જીવ પણ જઈ શકે છે. ઓક્સિજનના નોડલ અધિકારી જે. કે. પટેલના જણાવ્યા અનુસાર ઓક્સિજન ફિલિંગ માટે સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરાયો છે. નાના બાટલાનો ભાવ ૨૧૦થી ઘટાડી ૧૫૦, જ્યારે જમ્બો સિલિન્ડરના ૩૧૦થી ઘટાડી ૨૫૦ રૂપિયા કરાયા છે.

**સોનલ કેટરર્સ**

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ



લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.